યે રોલ રીવાઈઝડ ઈન્ક્રીમેન્ટમાં જે કર્મચારી/ અધિકારીઓની કામગીરી પૂર્ણ થયેલ છે તેમજ ત્યારબાદની વખતોવખતની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તેવા કર્મચારી/ અધિકારીઓના ઓટો ઈન્ક્રીમેન્ટ છોડવાની કાર્યવાહી કરતા પહેલા નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી ખાતા, ઝોને કરવાની રહેશે.

- દરેક ખાતા/ ઝોન ધ્વારા તા.૦૧–૦૭–૨૦૨૫ થી ૧૦–૦૭–૨૦૨૫ સુધીની લીવની એન્ટ્રી રેગ્યુલર **Pay Roll Exe/Biomatric** માં તા.૦૮–૦૭–૨૦૨૫ થી તા.૧૧–૦૭–૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે.
  - **તા.૧૧–૦૭–૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લીવ એન્ટ્રીનું Pay Roll Exe/Biomatric Confirmation અચુક આપવાનું રહેશે.**
  - **તા.૦૧–૦૮–૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લીવ એન્ટ્રીનું Pay Roll Exe/Biomatric Confirmation અચુક આપવાનું રહેશે.** આ માટે નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.
- Pay Roll → Transaction → Monthly Transaction Entry → Leave Detail Entry → Leave entry & Confirmation Payroll/Biomatric.
- દરેક કર્મચારી / અધિકારીઓને તા.૦૧=૦૭=૨૦૨૪ થી ૩૦=૦૬=૨૦૨૫ સુધીની લીવ વેરીફાઈ કરવાની રહેશે. ઓડીટ થયેલ લીવમાં કોઈ સુધારો થશે નહી.
- જો કોઈ કર્મચારી / અધિકારીનો તા.૦૧–૦૧–૨૦૨૫/૦૧–૦૭–૨૦૨૫ નો ઈજાફો ફરજ મોકુફી / સજાને કારણે અટકાવવાનો હોય તો Revise increment Exe. માં Suspension Module માં ડેટા એન્ટ્રી બાકી હોય તો કરવાની રહેશે.
- તા.૦૨–૦૧–૨૦૨૪ થી તા.૦૧–૦૭–૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન HPS/પ્રમોશન/એપોઈન્ટમેન્ટ ના કિસ્સામાં ઈન્ક્રીમેન્ટની તા.૦૧–૦૧–૨૦૨૫ રહેશે.તા.૦૨–૦૭–૨૦૨૪ થી તા.૦૧–૦૧–૨૦૨૫ ના સમયગાળા દરમ્યાન HPS/પ્રમોશન/એપોઈન્ટમેન્ટ ના કિસ્સામાં ઈન્ક્રીમેન્ટની તા.૦૧–૦૭–૨૦૨૫ રહેશે.

- જે કર્મચારી અધિકારી કાયમી અથવા હંગામી હશે તેવા જ કર્મચારીના તા.૦૧–૦૧–૨૦૨૫ નો અથવા તા.૦૧–૦૭–૨૦૨૫ નો ઈજાફો છોડવા માટે કાર્યવાહી થશે. કર્મચારી/ અધિકારી પે રોલ માસ્ટરમાં પ્રોબેશન પર હોય/ ફરજ મોકુફી હેઠળ હોય તેવા કેસમાં ઈન્ક્રીમેન્ટની કાર્યવાહી થશે નહીં.
- દરેક ખાતા/ઝોનના પર્સોનેલ ઓફિસરશ્રી / સેકશન ઓફિસરશ્રીને જણાવવાનું કે Auto Increment માં પ્રોગ્રામમાં તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધીની લીવ એન્ટ્રી **તા.૧૫/૦૭/૨૦૨૫ થી તા.૨૪/૦૭/૨૦૨૫** સુધીમાં L-1 & L-2 પર S.B. સાથે વેરીફાઈ કરીને કામગીરી પૂર્ણ કરવાની રહેશે. લીવ વેરીફીકેશન વિગેરે ન થવાને કારણે જે તે કર્મચારીના ઈન્ક્રીમેન્ટ મંજુર થશે નહીં તો તેની સંપૂર્ણ જવાબદારી ખાતા/ઝોનની રહેશે. આથી સમયમર્યાદામાં કામગીરી થાય તે માટે આયોજન હાથ ધરવાનું રહશે.
- આ સમયગાળા દરમ્યાન લીવના પ્રકારમાં ફેરફાર થવાને કારણે ચૂકવણી / વસુલાત, ખાતા/ઝોન ધ્વારા મેન્યુઅલી ડેટા ધ્વારા કરવાની રહેશે. જે અંગે ખાતા/ ઝોનના પર્સોનેલ ઓફિસરશ્રી/સેકશન ઓફિસરશ્રીએ જરૂરી પત્રકો / માહિતી રાખવાની રહેશે.
- આ પ્રમાણેની કાર્યવાહી દર વર્ષે Auto Incrementના સમયે અમલમાં રહેશે. Auto Incrementનો પ્રોગ્રામ **તા.૧૫/૦૭/૨૦૨૫ થી અમલમાં આવશે તેમજ તા.૨૪/૦૭/૨૦૨૫** સુધીમાં Auto Increment ની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.
- જે કર્મચારી/ અધિકારી ઈજાફા તારીખે **રજા પર હોય / ગેર હાજર હોય** તો તેઓના કેસમાં Auto Increment ની કાર્યવાહી તેઓ **ફરજ પર હાજર થયા પછીના માસે કરવી.** આ બાબતની તકેદારી દરેક ખાતા/ ઝોનના પર્સોનેલ ઓફિસરશ્રી/ સેકશન ઓફિસરશ્રીએ અચૂકપણે રાખવાની રહેશે.

આસી.મ્યુનિ. કમિશનર અને ઈ. ચા. ડે. મ્યુનિ. કમિશનરશ્રી પરિપત્ર એકા/સી.આઈ.આર/09 Date: 27/06/2020 મુજબ **"પગારસ્લીપ અંગેની કાર્યવાહી" બાબતે** વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે જે ધ્યાને લઈ ખાતા/ઝોને સમયમર્યાદામાં બિનચુક અમલ કરવાનો રહેશે તથા પેરોલ સીસ્ટમમાં ખાતા/ઝોન દ્વારા કરેલ કાર્યવાહીના અનુસંધાને **ઉચ્ચતર પગાર ધોરણ/ પ્રમોશન/ નિમણુંક/ ઈજાફો/ પગારપંચ, CAS, UGC.....વિગેરે સબંધિત સીસ્ટમ મારફતે જનરેટ થતા અને ચુકવવામાં આવતા તમામ તફાવત પત્રકોની જે તે માસની ૨૦ તારીખ સુધીમાં ખાતા/ઝોનએ સીસ્ટમમાં ચુકવણી પહેલા અગાઉથી બિનચુક ચકાસણી કરવાની રહેશે અને કોઈ ક્ષતિ જણાય તો તાકીદે હિસાબી,આઈ.એસ.ડી. વિભાગનો બિનચુક સંપર્ક કરવાનો રહેશે.**

ઉપરોકત વિગતે દરેક ખાતા/ઝોને ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નં.એકા/સી.આઈ.આર./૧૨
તા.૦૨/૦૭/૨૦૨૫

ડે.મ્યુ. કમિશનર
સુરત મહાનગરપાલિકા

ન.સા. રજુ :– (૦૧) મે.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ....જાણ માટે.
ન.સ.૨. :– (૦૧) તમામ વિભાગીય વડાશ્રીઓ, મ્યુ.ચીફ ઓડિટરશ્રી, મ્યુ.સેક્રેટરીશ્રી, તમામ ઝોનલ ચીફશ્રી, ડીનશ્રી (સ્મીમેર), મેડી.સુપ્રિ. શ્રી (સ્મીમેર) પ્રતિ.....જાણ તથા અમલ કરાવવા માટે.
ન.૨. :– (૦૧) તમામ આસી. કમિશનરશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.
(૦૨) તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ/ખાતાધિકારીશ્રીઓ પ્રતિ... જાણ તથા અમલ કરાવવા માટે.
ન.૨. :– (૦૧) તમામ પર્સોનેલ ઓફિસરશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ માટે.
(૦૨) તમામ સેકશન ઓફિસરશ્રીઓ પ્રતિ ..... જાણ તથા અમલ માટે.

પરિપત્ર

વિષયઃ– SBM,AMRUT 2.0 અને PMAY ગ્રાન્ટ હેઠળ ચાલતા પ્રોજેકટ / કામો અંગેના બિલોની ચુકવણી સરકારશ્રી દ્વારા સ્થાપિત **SNA SPARSH** પોર્ટલના માધ્યમથી ચુકવણી કરવા બાબત.

સંદર્ભઃ– ગુજરાત સરકારશ્રીનો ઠરાવ ક્રમાંક નં.UDUHD/MSM/E-FILE/18/2024/4970/B, તા.૧૨/૦૩/૨૦૨૫

ભારત સરકારના તા.૨૧/૦૫/૨૦૨૪ ના મેમોરેન્ડમ તથા ઉપસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉપરોકત સંદર્ભમાં જણાવેલ ઠરાવ મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના(અર્બન), અમૃત ૨.૦ અને સ્વચ્છ ભારત મિશન(અર્બન)ની પસંદગી **SNA SPARSH** પ્લેટફોર્મ પર લઈ જવા માટે થયેલ છે. **SNA SPARSH** અંતર્ગત જુદી–જુદી ગ્રાન્ટ અંગેના રાજય સરકારશ્રી,ગાંધીનગર મારફત રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયામાં સ્કીમ વાઈઝ એકાઉન્ટ ખોલવામાં આવેલ છે. **SNA SPARSH** અંતર્ગત ચુકવણી કરતી વખતે સ્કીમ વાઈઝ જુદી–જુદી ગ્રાન્ટના કેન્દ્ર તથા રાજય સરકારશ્રીના હિસ્સા મુજબ હુકમ તૈયાર કરી જિલ્લા તિજોરી અધિકારી,સુરતને મોકલવાનું રહે છે. અને ત્યાર બાદ ઉપર જણાવેલ ગ્રાન્ટ અંગેના તમામ બીલોની ચુકવણી રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીનગરના બેંક એકાઉન્ટમાંથી થશે.

SNA SPARSH ના અમલીકરણ માટે નીચે જણાવેલ મુજબ કાર્યવાહી કરવા આથી સુચન કરવામાં આવે છે.

૧. ઉપરોકત સુચનાની અમલવારી માટે કેન્દ્ર/રાજય સરકારશ્રી દ્વારા સદર યોજનાઓની જે તે વર્ષની ગ્રાંટ મર્યાદીત ક્રેડીટ લિમીટ તરીકે જમાં આપવામાં આવશે. જેમાંથી સદર યોજનાઓ હેઠળ સક્ષમ સત્તા દ્વારા મંજુર કરવામાં આવેલ કામોની/ પ્રોજેકટોના વેન્ડર્સ/ કોન્ટ્રાકટર્સને **SNA SPARSH** મારફત ચુકવણી કરવામાં આવશે. આમ, ક્રેડીટ લિમીટની મર્યાદામાં જ ચુકવણું કરવાનું રહેતું હોય, સદરહુ ક્રેડીટ પૂર્ણ થયેથી નિયત સમયમાં વપરાશી પ્રમાણપત્રો રજુ કરતા બાકી ગ્રાંટમાંથી ગ્રાંટની નવી ક્રેડીટ લિમીટ જમાં આપવામાં આવશે. આમ, જે તે કામો/ પ્રોજેકટો અન્વયે કામગીરી કરાવવા અંગે તેમજ તેના ચુકવણા અંગે કેન્દ્ર સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ગ્રાંટના વપરાશી પ્રમાણપત્રના મોનીટરીંગ માટે યોગ્ય સંકલન/ સંચાલન કરવું ખુબ જ અગત્યનું રહે છે.

૨. સદર યોજનાઓ હેઠળ સુરત મહાનગરપાલિકાને **SNA SPARSH** અંતર્ગત તા.૦૧/૦૪/૨૦૨૫થી ફાળવેલ/ ફાળવવામાં આવનાર ગ્રાંટનો ઉપયોગ ફકત **SNA SPARSH** પોર્ટલ દ્વારા ગાઈડલાઈન મુજબ જ કરવાના રહેશે તેમ રાજય સરકારશ્રીનાં નાણાં વિભાગ દ્વારા સુચન કરવામાં આવેલ છે.

૩. સદર યોજનાઓ હેઠળ હવેથી VIRTUAL LIMIT સ્વરૂપે ગ્રાન્ટ આપવામાં આવશે એટલે કે ગ્રાંટની રકમ બેંક ખાતામાં જમા થશે નહી. જેની હિસાબી અસર આપવા માટે ડિપોઝીટનું GLAC 8098 આપવામાં આવેલ છે. જેથી જયારે સદર યોજનાઓ હેઠળ ઓર્ડર રીલીઝ કરી ગ્રાન્ટની VIRTUAL LIMIT આપવામાં આવે ત્યારે જે તે રેવન્યુ/કેપીટલ આવકનું BRV ન બનાવતા GLAC 8098 માં જે તે યોજનાનો સબ કોડ વાપરી JV મુકવાની રહેશે.

૪. સદર યોજનાઓના બીલોની ચુકવણી **SNA SPARSH** પોર્ટલ પર કરવાની હોય, તેવા બીલોની ચુકવણી રાઉન્ડીંગમાં જ થતી હોવાથી, રાઉન્ડીંગમાં વાઉચર બનાવી રજુ કરવું તથા વાઉચર બનાવતી વખતે પેમેન્ટ ટાઈપ **SNA SPARSH** સીલેકટ કરી જે યોજનામાંથી પેમેન્ટ કરવાનું હોય તે યોજના સીલેકટ કરવાની રહેશે.

૫. સદર યોજનાઓ હેઠળ VIRTUAL LIMIT સ્વરૂપે જમા થયેલ ગ્રાન્ટના પેમેન્ટ GLAC 8098 ના લાગત બજેટ હેડ માંથી કરવામાં આવશે. જેથી જે તે મુળ વાઉચરની નેટ પેયેબલ રકમને **GLAC 8005** ખાતે જમા કરી પેમેન્ટ માટેના JV નાં રેફરન્સમાં મુળ વાઉચરની વિગત તથા બીલ ટાઈપમાં **SNA SPARSH** સીલેકટ કરી નેટ પેયેબલ રકમને GLAC 8005 ખાતે ઉધાર કરી **GLAC 8098** તથા જે–તે યોજનાનો સબ કોડ(કોષ્ટકમાં જણાવ્યા મુજબ) આપી તે ખાતે જમા કરી સેવ કરવાનું રહેશે અને ત્યાર બાદ પેમેન્ટ અર્થે મુખ્ય હિસાબી વિભાગમાં રજુ કરવાનું રહેશે.

SCHEME NAME	SUB CODE
PMAY	H-04-116
SBM GJ-290 Urban Capacity Building Skill	H-04-129
SBM GJ-291 Urban IEC & Behaviour Change	H-04-130
SBM GJ-292 Urban IHHL CTPT Aspir Toilets	H-04-127
SBM GJ-293 Urban SWM	H-04-128
SBM GJ-294 Urban Used Water Management	H-04-134
AMRUT 2.0	H-04-124

૬. સદર યોજના અંતર્ગતના તમામ બીલોની ચુકવણી **SNA SPARSH** મારફત GOI અને GOG ના હિસ્સા પ્રમાણે કરવાની રહેશે. જેથી ઈ–એકાઉન્ટ સીસ્ટમમાં બીલ બનાવ્યા બાદ સદર યોજના અંતર્ગતના GOI અને GOG ના ભાગ પ્રમાણે હુકમ PDF જનરેટ થશે. જેના પર બજેટ સેન્ટર ઈનચાર્જની સહી કરાવી વાઉચર સાથે અત્રે મુખ્ય હિસાબી વિભાગમાં ફરજીયાતપણે રજુ કરવાનું રહેશે. જો વાઉચરની સાથે હુકમ સામેલ ન હશે તો ચુકવણીની કાર્યવાહી કરી શકાશે નહી.

૭. વધુમાં તા.૦૧/૦૪/૨૦૨૫ થી સદર યોજનાઓ હેઠળ ફાળવવામાં આવેલ/ આવનાર ગ્રાંટ સામે સક્ષમ સત્તા દ્વારા મંજુર કરવામાં આવેલ/ આવનાર કામના ખર્ચની ચુકવણી હવેથી **SNA SPARSH** પોર્ટલ દ્વારા ગાઈડલાઈન મુજબ **SNA SPARSH** સાથે લિંકડ બેંક ખાતા મારફત જ કરવામાં આવશે. **સદર યોજનાઓ હેઠળના તમામ વાઉચરની ઉપર SNA SPARSH મારફત ચુકવણી કરવાની સ્પષ્ટ નોંધ તથા યોજનાનાં નામ અંગેનો સ્ટેમ્પ યોગ્ય જગ્યા ઉપર ફરજીયાતપણે દર્શાવવાનો રહેશે.** જે મુજબ કાળજી ન રાખતા જો બીલની ચુકવણી અન્ય બેંક ખાતામાંથી થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખાતાધિકારીશ્રી/ જવાબદાર અધિકારીશ્રીની રહેશે.

૮. સદર યોજનાઓના બીલોની ચુકવણી **SNA SPARSH** પોર્ટલ પર કરવામાં આવશે ત્યારે બીલમાં દર્શાવેલ કુલ ડીડકશનની રકમ બીલની ચુકવણી વખતે જ સુરત મહાનગરપાલિકાના OWN FUND માં જમા લઈ લેવામાં આવશે. જેથી જયારે સદર બીલમાંથી કોઈપણ કપાત કરેલ ડીપોઝીટની ચુકવણી કરવાની થાય ત્યારે OWN FUND માંથી કરવાની રહેશે. જેથી તેવા બીલો પર **SNA SPARSH** ના સીકકા મારવાની જરૂર રહેતી નથી. જેની ખાસ નોંધ લેવી.

૯. અત્રેની નોંધ નં.એકા./એસ.આર./૧૮૬૯, તા.૨૨/૦૭/૨૦૨૧ મુજબ જો આપશ્રીના ગ્રાંટ બેલેન્સ પત્રક મુજબ ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો, જે તે બીલનું ચુકવણું જયાં સુધી ગ્રાંટની VIRTUAL LIMIT નહિ આવે ત્યાં સુધી મોકુફ રાખવાનું રહેશે. તથા જો ગ્રાંટ બેલેન્સ નેગેટીવ જતું હોય તો મુખ્ય હિસાબી વિભાગમાં બિલો મોકલવા નહિ. ઉપરાંત જો શરતચુકથી બિલ મુખ્ય હિસાબી વિભાગમાં મોકલવામાં આવશે તો લાગત બિલો પરત કરવામાં / ચુકવણું મોકુફ રાખવામાં આવશે અને જો શરતચૂકથી ચુકવણું કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે–તે ઝોન/વિભાગની રહેશે.

વધુમાં, **SNA SPARSH** બાબતે વખતો વખત પ્રસિધ્ધ થયેલ નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. ઉપરોકત પરિપત્રનો અમલ સર્વે સંબંધિતોએ ચુસ્તપણે કરવાનો રહેશે.

ડે.મ્યુનિ.કમિશનર
સુરત મહાનગરપાલિકા

નં. એકા./એસ.આર./૧૩
તા.૦૨/૦૭/૨૦૨૫

ન.સા. રવાના:– ૦૧. મે.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ....., જાણ સારૂ.

ન.સ.રવાના :– ૦૧. તમામ વિભાગીય વડાશ્રીઓ, ડીનશ્રી(સ્મીમેર), ઈ.ચા. મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી (સ્મીમેર) અને તમામ ઝોનલ ચીફશ્રી પ્રતિ....., જાણ તથા અમલ કરાવવા સારૂ.

ન.રવાના:– ૦૧. તમામ આસી.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ....., જાણ તથા અમલ કરાવવા સારૂ.

૦૨. તમામ ખાતાધિકારીશ્રી પ્રતિ....., જાણ તથા અમલ કરાવવા સારૂ.

૦૩. તમામ ડે.એકાઉન્ટન્ટશ્રી તથા આસી.એકાઉન્ટન્ટશ્રી પ્રતિ....., જાણ તથા અમલ કરાવવા સારૂ.

પરિપત્ર

સંદર્ભ :– (૧) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૨૪/ઓ–૩૬૦/
પગાર એકમ(ચ), તા.૦૮/૧૧/૨૦૨૪

(૨) માન.મ્યુનિ.કમિશનરશ્રી ની મંજુરી તા.૧૦/૦૭/૨૦૨૫

(૩) મહેકમ વિભાગ ના પત્ર નં જીએડી/ઇએસટી/૨૨૭૦, તા.૧૧/૦૭/૨૦૨૫

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૨૪/ઓ–૩૬૦/પગાર એકમ(ચ), તા.૦૮/૧૧/૨૦૨૪ મુજબ રાજય સરકાર દ્વારા હાલમાં અમલમાં રહેલ ચાર્જ એલાઉન્સનાં દર તેમજ અન્ય લાગુ પડતી જોગવાઈઓ યથાવત રાખીને તેની ગણતરીનાં હેતુ માટે તા.૦૮/૧૧/૨૦૨૪ની અસરથી સાતમાં પગારપંચનાં લાગુ પડતા પે મેટ્રીકસ હેઠળ મળતા બેઝીક પગારને ધ્યાને રાખીને ચાર્જ એલાઉન્સ ચુકવવા માટે સંદર્ભ–૧ થી ૩ મુજબ અમલ કરવા જણાવવામાં આવેલ છે અને તે પ્રમાણેના સુધારેલા દરે ચાર્જ એલાઉન્સ ચૂકવવાનું હોવાથી તા.૦૮/૧૧/૨૦૨૪ બાદના ચુકવાય ગયેલ ચાર્જ એલાઉન્સના તફાવતની ગણતરી ખાતા/ઝોન લેવલે નિયમોનુસારની રજા ધ્યાને લઈ કરવાની રહેશે.

<u>ઉદાહરણ: (૧) પ્રથમ શ્રેણી કલાર્ક ને સેકશન ઓફિસરનો ચાર્જ</u>

પ્રથમ શ્રેણી કલાર્કનું હાલ નું પગાર ધોરણ	સેકશન ઓફિસર નું પગાર ધોરણ	૧૦% લેખે ચુકવેલ ચાર્જ એલાઉન્સ	પ્રથમ શ્રેણી કલાર્કનું હાલ નું પે મેટ્રીકસ	સેકશન ઓફિસર નું પે મેટ્રીકસ	૧૦% લેખે ચુકવવા જોગ ચાર્જ એલાઉન્સ	ચુકવવાપાત્ર તફાવત માસિક
પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦	પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦					
ગ્રેડ પે–૪૪૦૦	ગ્રેડ પે–૪૬૦૦	૧૩૯૦/–	૩૯૯૦૦–૧૨૬૬૦૦	૪૪૯૦૦–૧૪૨૪૦૦	૪૪૯૦/–	૩૧૦૦/–

<u>ઉદાહરણ: (૨) પર્સોનલ ઓફિસર ને એસેટમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરનો ચાર્જ</u>

પર્સોનલ ઓફિસર નું હાલ નું પગાર ધોરણ	એસેટ.એન્ડ રીક. ઓફિસર નું પગાર ધોરણ	૫% લેખે ચુકવેલ ચાર્જ એલાઉન્સ	પર્સોનલ ઓફિસર નું હાલ નું પે મેટ્રીકસ	એસેટ.એન્ડ રીક. ઓફિસરનું પે મેટ્રીકસ	૫% લેખે ચુકવવા જોગ ચાર્જ એલાઉન્સ	ચુકવવાપાત્ર તફાવત માસિક
પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦	પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦					
ગ્રેડ પે–૫૪૦૦	ગ્રેડ પે–૫૪૦૦	૧૦૫૦/–	૫૬૧૦૦–૧૭૭૫૦૦	૫૬૧૦૦–૧૭૭૫૦૦	૨૮૦૫/–	૧૭૫૫/–

ઉદાહરણ :(૩) આસી. એકાઉન્ટન્ટને ડેપ્યુટી એકાઉન્ટન્ટનો ચાર્જ

આસી. એકાઉન્ટન્ટનું હાલ નું પગાર ધોરણ	ડેપ્યુટી એકાઉન્ટન્ટ નું પગાર ધોરણ	૧૦% લેખે ચુકવેલ ચાર્જ એલાઉન્સ	આસી. એકાઉન્ટન્ટ નું હાલ નું પે મેટ્રીકસ	ડેપ્યુટી એકાઉન્ટન્ટનું પે મેટ્રીકસ	૧૦% લેખે ચુકવવા જોગ ચાર્જ એલાઉન્સ	ચુકવવાપાત્ર તફાવત માસિક
પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦	પે બેન્ડ ૧૫૬૦૦–૩૯૧૦૦					
ગ્રેડ પે–૪૬૦૦	ગ્રેડ પે–૫૪૦૦	૨૧૦૦/–	૪૪૯૦૦–૧૪૨૪૦૦	૫૬૧૦૦–૧૭૭૫૦૦	૫૬૧૦/–	૩૫૧૦/–

ઉપરોકત ઉદાહરણ ધ્યાને લઈ ખાતા/ઝોન દ્વારા તા.૦૮/૧૧/૨૦૨૪ ની બાદ ના ચુકવેલ ચાર્જ એલાઉન્સના તફાવતની ગણતરી કરી તફાવતની રકમ ખાતાકીય મંજુરી લઈ મેન્યુઅલ ડેટા (E-326) ની ફીલ્ડ પર આપવાના રહેશે. ચુકવણી અંગે મૂળ સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી ખાતા/ઝોનની રહેશે.

ઉપરોકત સંદર્ભ –૧ની જોગવાઈઓને આધિન હવે પછી અભિપ્રાય અર્થે રજુ થતી ફાઈલો સાતમાં પગાર પંચ અનુસાર રજુ કરવાની રહેશે. અગાઉ છઠ્ઠા પગારપંચ અનુસાર અભિપ્રાય મેળવેલ હોય તેવી ફાઈલ હિસાબી ખાતામાં ફરી રજુ કરવાની રહેશે નહિ.

વધુમાં જે કિસ્સામાં ઓફિસ ઓર્ડર તથા નિતિ–નિયમોને આધિન ચાર્જ એલાઉન્સ ચૂકવણીપાત્ર થતું નથી તેવા કિસ્સાઓમાં લાગત ખાતા/ઝોને હિસાબીખાતાનો અભિપ્રાય મેળવવાનો રહેતો નથી. જે કિસ્સાઓમાં ચાર્જ એલાઉન્સ ચુકવણી પાત્ર બનતું હોય ફકત તેવી જ ફાઈલ અભિપ્રાય અર્થે હિસાબી ખાતાને રજુ કરવાની રહેશે. તેમજ ચાર્જ અંગેની મુદત પુરી થયા બાદ અન્ય ઓફિસ ઓર્ડર થયેલ હોય તો તે અનુસંધાને હિસાબી ખાતામાં અભિપ્રાય અર્થે ફાઈલ રજૂ કરતી વખતે કર્મચારીનો ચાર્જ અંગેનો રીપોર્ટ સામેલ કરવાનો રહેશે તથા ખાતાના રીપોર્ટમાં પણ તે મુજબ ઉલ્લેખ કરવાનો રહેશે.

ઉપરોકત બાબતે વખતોવખતના નિયમોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

ડે.મ્યુ.કમિશનર
સુરત મહાનગરપાલિકા

નં.એકા/એસ.આર./૧૬
તા.૨૫/૦૭/૨૦૨૫

ન.સા.રજુ :–(૦૧) મે.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ.....જાણ માટે.
ન.સા.૨. :–(૦૧) તમામ વિભાગીય વડાશ્રીઓ, મ્યુ.ચીફ ઓડિટરશ્રી, મ્યુ.સેક્રેટરીશ્રી, તમામ ઝોનલ ચીફશ્રી, ડીનશ્રી(સ્મીમેર) પ્રતિ.....જાણ તથા અમલ કરાવવા માટે.
ન.સ.૨ . :–(૦૧) તમામ આસી. કમિશનરશ્રીઓ પ્રતિ.....જાણ તથા અમલ કરાવવા માટે.
(૦૨) તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ/ ખાતાધિકારીશ્રીઓ પ્રતિ.....જાણ તથા અમલ કરાવવા માટે.
ન.૨. :–(૦૧) તમામ પર્સોનેલ ઓફિસરશ્રીઓ તથા નાયાબ હિસાબનીશશ્રીઓ પ્રતિ.....જાણ તથા અમલ કરાવવા માટે.
(૦૨) તમામ સેકશન ઓફિસરશ્રીઓ/ આસી. હિસાબનીશશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.

અત્યંત તાકીદનું

પરીપત્ર

સંદર્ભ :- ૧. મા. ડે. કમિશ્નરશ્રીનો પરીપત્ર એકા/એસ.આર./૦૮, તા. ૧૩/૧૦/૨૦૨૨

૨. મા. કમિશ્નરશ્રીનો બજેટનો પરીપત્ર નં. એકા/સી.આઇ.આર./૨૧, તા. ૨૩/૧૦/૨૦૨૪

૩. સુરત મહાનગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં. ૧૭૬/૨૦૨૫

૪. મા. ડે. કમિશ્નરશ્રીનો પરીપત્ર GAD/EST/૭૮૦૦, તા. ૦૪/૦૩/૨૦૨૫

૫. મા. ડે. કમિશ્નરશ્રીનો પરીપત્ર એકા/એસ.આર./૧૧, તા. ૦૧/૦૭/૨૦૨૫

૬. મા. ડે. કમિશ્નરશ્રીનો પરીપત્ર એકા/એસ.આર./૧૩, તા. ૦૨/૦૭/૨૦૨૫

૭. મા. ડે. કમિશ્નરશ્રીની નોંધ એકા/એસ.આર./૦૮, તા. ૧૯/૦૮/૨૦૨૫

માહે ઓકટોબર - ૨૦૨૫માં દિવાળીના તહેવારને ધ્યાને લેતાં સુરત મહાનગરપાલિકાના તમામ પ્રકારના બિલોનું પેમેન્ટ દિવાળી પહેલા તમામ ઇજારદારોને મળી જાય અને બિલોના ભારણને પહોંચી વળવા પૂર્વ આયોજનની જરૂર રહેતી હોય, જેને ધ્યાને લઇ ઇજારદારોના તથા આ સિવાયના અન્ય તમામ બિલો નીચે દર્શાવ્યા મુજબની તારીખે મધ્યસ્થ હિસાબી ખાતામાં મોકલી આપવાના રહેશે.

ક્રમ	બિલોની રકમ	બિલો મોકલવાની અંતિમ તારીખ
૧	રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીના બિલો	તા. ૦૪/૧૦/૨૦૨૫
૨	રૂા. ૫,૦૦,૦૦૧/- થી રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/-સુધીના બિલો	તા. ૦૮/૧૦/૨૦૨૫
૩	રૂા. ૧,૦૦,૦૦,૦૦૧/- થી વધુના બિલો	તા. ૧૩/૧૦/૨૦૨૫

- ગ્રાંટના નાણાંમાથી ચુકવવાનાં બિલોના સંદર્ભમાં ગ્રાન્ટ બેલેન્સ/ગ્રાન્ટ ઉપલબ્ધીની ચકાસણી કર્યા બાદ જ બિલો ચુકવણી અર્થે હિસાબી વિભાગમા મોકલવાના રહેશે તથા સરકારશ્રી તરફથી ગ્રાંટ મળવાની બાકી હોય તેવા તમામ બિલોનું ચુકવણુ કરવામાં આવશે નહી.

- સંદર્ભ(૪) મુજબના મા. ડે. કમિશ્નરશ્રીના પરીપત્ર મુજબ ઇજારદારશ્રીઓના કામના સમયગાળાના ઇ.પી.એફ. કચેરીના નાણા ભર્યા અંગેની રસીદોની નકલ પેમેન્ટ ચુકવણીના વાઉચર્સ સાથે અચુક રજુ કરવાની રહેશે તથા તેની એન્ટ્રી E-Account બિલ બનાવતી વખતે રેફરન્સમાં "PF Challan" / "PF Declaration" માં અચુક કરવાની રહેશે. ત્યારબાદ જ પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે.

- કોમ્યુનીટી હોલ, પાર્ટી પ્લોટ તથા ઓડીટોરીયમ રીફંડના તમામ બીલો <u>તા. ૦૪/૧૦/૨૦૨૫</u> સુધીમાં મોકલી આપવાના રહેશે.

- કોન્ટ્રકટ બેઇઝ સીવીલ સર્વેયર, ડેઇલી વેજીસ વિગેરે અગત્યના / તાકિદના બિલો તથા જે કિસ્સામાં સમયમર્યાદામાં પેમેન્ટ કરવાના હોય જેવા કે યુટીલીટીના બિલો વિગેરે <u>તા. ૧૫/૧૦/૨૦૨૫</u> સુધીમાં પેમેન્ટ માટે ખાતાના સંબંધિત કર્મચારીને હાથોહાથ મોકલી પેમેન્ટની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપર જણાવ્યા મુજબ પરીપત્રનો અમલ કરવા / કરાવવા આથી સુચના આપવામાં આવે છે.

નં. એકા/સી.આઇ.આર/17
તારીખ :29/08/૨૦૨૫

ડે. કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સાદર રજુ :- મે. મ્યુ. કમિશ્નરશ્રી પ્રતિ....જાણ માટે
નકલ. સ. રવાના :- તમામ વિભાગીય વડાશ્રીઓ, ઝોનલ ચીફશ્રી, મ્યુનિસિપલ ચીફ ઓડીટરશ્રી, સેક્રેટરીશ્રી અને ડીનશ્રી(સ્મીમેર) પ્રતિ....જાણ માટે
નકલ રવાના :- તમામ ખાતાના વડાશ્રીઓ અને કાર્યપાલક ઇજનેરશ્રી પ્રતિ....જાણ તથા અમલ કરાવવા માટે.
નકલ રવાના :- તમામ ડે.એકાઉન્ટન્ટશ્રી અને પર્સોનલ ઓફીસરશ્રી પ્રતિ....જાણ તથા અમલ માટે.
નકલ રવાના :- તમામ આસી.એકાઉન્ટન્ટશ્રી અને સેકશન ઓફીસરશ્રી પ્રતિ....જાણ તથા અમલ માટે.

<u>તાકિદનું</u>

ડીજીટલ કન્ફર્મેશન દિન - ૩

સંદર્ભ-

૧. સાધારણ સભા ઠરાવનં.૧૯૯/૨૦૨૪ તા.૩૧.૦૭.૨૦૨૪

૨. સેકશન અધિકારીશ્રી શ.વિ અને શ.ગૃ.ની વિભાગના પત્રનં.UDUDH/0860/07/2025,Dt:19-07-25

૩. જીએડી/ઈએસટી/૩૧૫૦ તા.૨૨.૦૮.૨૦૨૫

<u>પરિપત્રઃ-</u>

ઉપરોક્ત સંદર્ભ અનુસાર સુરત મહાનગરપાલિકા ખાતે નવી વર્ધિત પેંશન યોજના (NPS) અંતર્ગત સુરત મહાનગરપાલિકાન ફાળા (૧૪%) અને કર્મચારીઓના ફાળા (૧૦%) ની કપાત <u>માર્ચ'૨૦૨૪ના પગારથી (પેઈડ ઈન એપ્રિલ'૨૦૨૪)</u> શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે <u>ઓગષ્ટ'૨૦૨૫ પેઈડ ઈન સપ્ટેમ્બર'૨૦૨૫</u>ના માસથી નવી વર્ધિત પેંશન યોજના (NPS) અંતર્ગત પે-રોલ પર હોય તેવા કર્મચારીઓના <u>સુરત મહાનગરપાલિકાના ફાળા (૧૪%) અને કર્મચારીઓના ફાળા (૧૦%)ની કપાત શરૂ કરવામાં આવેલ છે</u>. જેમાં નવી વર્ધિત પેંશન યોજના (NPS) માર્ચ ૨૦૨૪ના પગાર (પેઈડ ઈન એપ્રિલ ૨૦૨૪) થી જુલાઈ'૨૦૨૫ (પેઈડ ઈન ઓગષ્ટ ૨૦૨૫) સુધીના એનપીએસ તફાવત બાબતે તમામ ખાતા/ઝોને **http://10.11.1.9/Employee NPS/Dashboard.aspx Employee National Pension** સિસ્ટમમાં લોગિન કરી **Checked & Verify By Dept (Level-1)**થી લાગત તમામ કર્મચારીઓ/અધિકારીશ્રીઓના **NPS(નેશનલ પેન્શન સિસ્ટમ)**ના તફાવત પત્રકોની સંપુર્ણ ચકાસણી કર્યા બાદ જે-તે ખાતા/ઝોનના પર્સોનેલ ઓફીસર/ ખાતાધીકારીશ્રીએ **Approved By Dept (Level-2)** સિસ્ટમમાં ફરજિયાતપણે તાકીદે ડીજીટલ કન્ફર્મેશન/એપ્રુવલ આપવાનું રહેશે.જેને આધારે હિસાબી વિભાગ મારફત **NPS(નેશનલ પેન્શન સિસ્ટમ)**માં કર્મચારી/અધિકારીશ્રીઓના વ્યકિતગત પ્રાન હેઠળ સદર સંસ્થાના ફાળાની રકમ ચલણ મારફત જમા કરાવવામાં અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

નીચે મુજબના મુદ્દાઓ બિનચુક ધ્યાને લઈ લાગત તમામ ખાતા/ઝોને ચકાસણી કરવાની રહેશે તેમજ **NPS Field-393 (NDCPS/NPS Current Month Deduction)** પર કોઈ મેન્યુઅલ ડેટા આપવાના રહેતા નથી.

૧. **NPS(નેશનલ પેન્શન સિસ્ટમ)**ના તફાવત પત્રકોની સંપુર્ણ સિસ્ટમ આધારિત કામગીરી કરવા અંગે **http://10.11.1.9/Employee NPS/Dashboard.aspx Employee National Pension** સિસ્ટમમાં **Help Menu માં NPS/NDCPS Employers' Contribution Difference Process Flow** દર્શાવવામાં આવેલ છે.

૨. કર્મચારી પુરા પગારમાં સમાવેશ થયા તારીખથી (કર્મચારીનું માસ્ટર વિલંબથી જનરેટ થયેલ હોય તેવા કિસ્સામાં પણ) પે-રોલ સિસ્ટમમાં માસ્ટર એક્ટિવ થયુ હોય/પગાર તફાવત મેન્યુઅલ ચુકવણી ખાતા/ઝોને ડેટા મારફત કરેલ હોય તે સમયગાળો પણ સિસ્ટમ મારફતે ગણતરી કરવામાં આવેલ છે.

૩. નિયમિત પગારધોરણમાં નિમણૂંક પામેલ કર્મચારીઓના કિસ્સાઓમાં નિમણૂંકની તારીખથી (કર્મચારીનું માસ્ટર વિલંબથી જનરેટ થયેલ હોય તેવા કિસ્સામાં પણ) સિસ્ટમ મારફતે ગણતરી કરવામાં આવેલ છે.

૪. સુરત મહાનગરપાલિકાના માસ્ટર પર એનપીએસ અંતર્ગત Live/Exit હોય તેવા તમામ કર્મચારીઓના તફાવત પત્રકો સિસ્ટમ મારફતે ગણતરી કરવામાં આવેલ છે.

૫. કોઈપણ ડેટા NPS(નેશનલ પેન્શન સિસ્ટમ)ના કોડ નંબર જેવા કે **Field-384(NDCPS/NPS DA Difference), Field-392 (NDCPS/NPS Arrears Difference), Field-396 (NDCPS/NPS Increment Difference), Field-354(NDCPS/NPS Recovery)** માં મેન્યુઅલ ગણતરી કરી આપવાના સંજોગોમાં **માર્ચ ૨૦૨૪ થી ૧૪%** સંસ્થાનો ફાળો **NPS(નેશનલ પેન્શન સિસ્ટમ)**માં ગણતરીમાં લેવાનો રહેશે અને તેના આધારે ચુકવણી/વસુલ કરવાના રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૬. કોઈપણ કર્મચારીઓ/અધિકારીશ્રીઓના **માર્ચ'૨૦૨૪** થી જુલાઈ'૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ખાસ **Event** બનેલ હોય, જેમ કે ઉચ્ચતર પગાર ધોરણ/પ્રમોશન /નિમણૂંક ઈજાફો/પગારપંચ **CAS,UGC,**મોંઘવારી ભથ્થા, એનપીએસ તફાવત....વિગેરે કિસ્સા બાબતે **NPS(નેશનલ પેન્શન સિસ્ટમ)**માં અલગથી હાઈલાઈટ કરી **Event** કોલમમાં **Yes** તરીકે દર્શાવેલ છે તેવા કિસ્સાઓ ખાસ ધ્યાને લઈ ચકાસણી કરવાની રહેશે.

૭. પેરોલ સિસ્ટમમાં ખાતા/ઝોન દ્વારા કરેલ/થયેલ કાર્યવાહીના અનુસંધાને ઉચ્ચતર પગાર ધોરણ/પ્રમોશન /નિમણૂંક ઈજાફો/પગારપંચ **CAS,UGC,**મોંઘવારી ભથ્થા, એનપીએસ તફાવત....વિગેરે સંબંધિત સિસ્ટમ મારફતે જનરેટ થતા અને ચુકવવામાં આવતા તમામ તફાવત પત્રકોની જે તે માસની ૨૦ તારીખ સુધીમાં ખાતા/ઝોનએ સિસ્ટમમાં ચુકવણી પહેલા અગાઉથી બિનચુક ચકાસણી કરવાની રહેશે.

૮. ઉપરોક્ત બાબતે સિસ્ટમ મારફતે જનરેટ થતાં તમામ તફાવતપત્રકો અંગે જો કોઈ ક્ષતિ જણાય તો તાકીદે હિસાબી, આઈ.એસ.ડી વિભાગ નો બિનચુક સંપર્ક કરી સત્વરે નિકાલ કરવાનો રહેશે.

ઉપરોક્ત વિગતે દરેક ખાતા/ઝોને ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને દિન-૩માં તમામ કેસોનું ખાતા/ઝોને ડીજીટલ કન્ફર્મેશન ફરજિયાત આપવાનું રહેશે.

ડે.કમિશનર
સુરત મહાનગરપાલિકા

નં.એકા/સી.આઈ.આર/૧૮
તા.૨૩/૦૯/૨૦૨૫

નકલ સા.રજુ. (૧) મે. મ્યુનિ. કમિશનરશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ સા.૨. - (૧) તમામ વિભાગીય વડાશ્રીઓ, મ્યુ.ચીફ ઓડીટરશ્રી, મ્યુનિ.સેક્રેટરીશ્રી, ડીનશ્રી(સ્મીમેર મેડીકલ કોલેજ),મેડી.સુપ્રી.શ્રી(સ્મીમેર),પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.

નકલ સ.૨. - (૧) તમામ આસી.કમિશનરશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.

(૨) તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ/ખાતાધિકારીશ્રી પ્રતિ..જાણ તથા અમલ કરાવવા માટે

નકલ રવાના -(૧)તમામ પર્સોનેલ ઓફિસરશ્રીઓ તથા નાયબ હિસાબનીશશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.

(૨)તમામ સેકશન ઓફિસરશ્રીઓ/આસી,હિસાબનીશશ્રીઓ પ્રતિ.... જાણ તથા અમલ કરાવવા માટે

સમયમર્યાદા / તાકીદનું

નાણાંકિય વર્ષ ૨૦૨૪–૨૫
માટે બોનસ ચૂકવવા બાબત.

સંદર્ભ: (૧) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ– બનસ–૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૦૬/૧૦/૨૦૨૫
(૨) મા.મ્યુ.કમિશ્નરશ્રીની તા.૦૭/૧૦/૨૦૨૫ ની મંજુરી
(૩) ઈ.ચા.પર્સોનેલ ઓફિસરશ્રી (મહેકમ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૮૧, તા.૦૮/૧૦/૨૦૨૫

પ રિ પ ત્ર

ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ–બનસ–૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૦૬/૧૦/૨૦૨૫ થી સને ૨૦૨૪–૨૫ ના વર્ષનું બોનસ સાતમા, છઠ્ઠા અને પાંચમા પગારપંચમાં વર્ગ–૪ ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને સને ૨૦૨૪–૨૫ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસના વેતન જેટલું બોનસ ચુકવવાનો નિર્ણય કરેલ છે.

ઉપરોકત ઠરાવની શરતો અને જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને સને ૨૦૨૪–૨૫ ના વર્ષના બોનસની ચૂકવણી બાબતે મે.મ્યુ.કમિશ્નરશ્રીની તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ મંજૂરી મળેલ છે.

બોનસ ચૂકવવા બાબતે મેન્યુઅલ બિલ બનાવવાના નથી, પરંતુ કોમ્પ્યુટરાઈઝ્ડ સીસ્ટમ દ્વારા ગણતરી કરી ચુકવવાનું નકકી કરવામાં આવેલ છે, જે માટે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવી.

(૦૧) બોનસનો લાભ ફકત વર્ગ–૪ ના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૦૨) આ હુકમો હેઠળ મળવાપાત્ર બોનસનું પ્રમાણ તારીખ ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ મળવાપાત્ર મળતરના આધારે રહેશે.

(૦૩) લાગત કર્મચારીઓની સર્વિસબુકમાં બોનસ ચૂકવણી અંગેના સહી સિકકા કરવાના રહેશે તેમજ આપશ્રીના ખાતા મારફત સને ૨૦૨૪–૨૫, એપ્રિલ–૨૪ થી માર્ચ–૨૫ સમયગાળાના લીવ–ડેટા મુજબ કોમ્પ્યુટરાઈઝ્ડ સીસ્ટમથી બોનસની ગણતરી કરેલ છે. જેથી લીવ–ડેટા, બોનસની ચોકસાઈ અંગેની સંપૂર્ણ જવાબદારી ખાતા/ઝોનની રહેશે.

(૦૪) સર્વિસબુકમાં બોનસ અંગેની નોંધ બાબતે પર્સોનલ ઓફિસરે ચકાસણી કરી સહી કરવી. જે ખાતાઓમાં પર્સોનેલ ઓફીસરની નિમણૂંક થયેલ નથી, તેવા ખાતાઓની સર્વિસબુકમાં સેકશન ઓફિસરે સહી કરવી. જે ખાતાઓમાં સેકશન ઓફિસરની નિમણૂંક થયેલ નથી, તેવા ખાતાઓની સર્વિસબુકમાં હેડ કલાર્કે સહી કરવી.

(૦૫) સને ૨૦૨૪–૨૫ દરમ્યાન નિવૃત્ત થયેલ, અવસાન પામેલ તેમજ મેડીકલ અનફીટ થયેલ તેમજ બાકી રહેલ બોનસને પાત્ર કર્મચારીઓના કિસ્સામાં ઠરાવની શરતો અને જોગવાઈઓને આધિન અલગ પૂરવણી બીલથી સર્વિસબુક સાથે રજૂ કરી ચૂકવણી કરવાની રહેશે.

(૦૬) ફરજ મોકુફી હેઠળ તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં મૂકાયેલ કર્મચારીઓને બોનસની ચૂકવણી કરવામાં આવેલ નથી. પરંતુ નોકરીમાં પુનઃ સ્થાપિત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ચૂકાદાની શરતોને આધીન મેન્યુઅલ બીલથી ચૂકવણી કરવાની રહેશે.

(૦૭) વર્ગ–૪ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓ બોનસ મેળવવાને પાત્ર થશે અને બોનસની ચૂકવણી નો ખર્ચ BCNT - 06 તેમજ GLAC - 2276 ખાતે પાડવાનો રહેશે.

(૦૮) જો તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં કર્મચારીના રજાનાં પ્રકારમાં હવે પછી ફેરફાર કરવામાં આવે તો તેવા કારણોસર ચૂકવણી / વસૂલાત કરવા જોગ હોય તો તે મુજબની કાર્યવાહી જે તે ઝોન / ખાતાના પર્સોનેલ ઓફિસરે કરવાની રહેશે.

(૦૯) જે કર્મચારીઓનો પગાર બેંકમાં જમા થાય છે તેઓનું બોનસ જે તે કર્મચારીઓના બેંક ખાતામાં પગારની સાથે જમા કરાવવામાં આવશે. જે કર્મચારીઓનો પગાર ચેકથી થાય છે તેઓનું બોનસ ftp પરથી Acquitance Roll મેળવી ખાતા/ઝોને CPV દ્વારા રોકડ ઉપાડી બોનસની ચૂકવણી તાત્કાલિક કરવાની રહેશે, જેનો સ્ટોરડેટા આપવાનો રહેશે. (ftp://10.11.1.2.Chief_Accountant_Payroll/102025/Bonus)

(૧૦) રાજય સરકારશ્રીના ઉપરોકત સંદર્ભ–૦૧ માં જણાવેલ ઠરાવની તમામ શરતોને આધીન બોનસની ચૂકવણી કરવાની રહેશે.

નં.એકા/સીઆઈઆર/ ૮૦
તા.૬૧/૧૦/૨૦૨૫

ઈ.ચા. મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

ન.સા.રજુ :– મે.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ... જાણ માટે

ન.સા.રવાના :– તમામ વિભાગીય વડાશ્રી, ડીનશ્રી સ્મીમેર, મ્યુ.ચીફ ઓડિટરશ્રી, ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રી પ્રતિ...જાણ માટે.

ન.સા.રવાના :– તમામ આસી.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ...જાણ માટે.

ન.સ.રવાના :– તમામ ખાતાધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ... જાણ અને અમલ કરાવવા માટે.

ન.રવાના :– (૦૧) તમામ પર્સોનેલ ઓફિસરશ્રી પ્રતિ...જાણ અને અમલ માટે.
(૦૨) તમામ સેકશન ઓફિસરશ્રી પ્રતિ...જાણ તથા અમલ માટે.

બોનસ ચૂકવવા માટેનાં ચેકલીસ્ટનાં મુદ્દાઓ

(૦૧) વર્ગ–૪ના સંવર્ગમાં નિયમિત પગાર ધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓ બોનસ મેળવવાને પાત્ર થશે અને બોનસની ચૂકવણીનો ખર્ચ BCNT - 06 તેમજ GLAC - 2276 ખાતે પાડવાનો રહેશે.

(૦૨) છ માસ કે તેથી વધુ L.W.P. હોય તો બોનસ મળવાપાત્ર નથી.

(૦૩) સને ૨૦૨૪–૨૫ દરમ્યાન નિવૃત્ત થયેલ, અવસાન પામેલ તેમજ મેડીકલ અનફીટ થયેલ તેમજ બાકી રહેતા બોનસનેં પાત્ર કિસ્સામાં ઠરાવની શરતો અને જોગવાઈઓને આધિન અલગ પૂરવણી બિલથી બોનસ રકમની ચૂકવણી કરવી.

(૦૫) ફરજ મોકુફી હેઠળના કર્મચારીને બોનસની ચૂકવણી કરેલ નથી. પરંતુ નોકરીમાં પુનઃસ્થાપિત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ચુકાદાની શરતોને આધિન મેન્યુઅલ બિલથી ચૂકવણી કરવી.

(૦૬) તા.૩૧/૦૩/૨૫ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૨૪–૨૫ ના વર્ષ દરમ્યાન ઓછામાં ઓછી છ મહિનાની સળંગ નોકરી હોય તેને બોનસ મળવાપાત્ર છે.

(૦૭) બોનસની ચુકવણી નજીકના આખા રૂપિયામાં ગણવાની રહેશે.

(૦૮) બોનસની ચૂકવણી રૂા.૭,૦૦૦ × ૩૦ ÷ ૩૦.૪ = એટલે કે રૂા.૬૯૦૭.૮૯ (આખા રૂપિયામાં રૂા.૬૯૦૮/–) થશે.

::::::: ૨૦૨૪–૨૫ :::::::

સમય મર્યાદા
TOP PRIORITY

નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ નું સુધારેલ અંદાજપત્ર તેમજ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ નું "ડ્રાફ્ટ અંદાજપત્ર" તૈયાર કરવા બાબત.

સંદર્ભ : (૧) સામાન્ય સભા ઠરાવ નં.૨૮, તા.૦૮/૦૫/૧૯૮૦

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત રાજયનાં નોટીફીકેશન નં.KV/46 of 2020/SMN/902019/9933/P, તા.૧૮/૦૬/૨૦૨૦

(૩) સંયુકત સચિવશ્રી, મિનીસ્ટ્રી ઓફ હાઉસીંગ અને અર્બન અફેર્સ, ભારત સરકારશ્રીના D.O. પત્રાંક નં. N-11025-01/2018-AMRUT-IIB, તા.૦૪/૦૮/૨૦૨૦

(૪) સ્થાયી સમિતિ ઠરાવ ક્રમાંક ૬૭૧/૨૦૨૧, તા.૨૨/૦૭/૨૦૨૧

(૫) સામાન્ય સભા ઠરાવ નં.૧૬૭/૨૦૨૫, તા.૨૮/૦૩/૨૦૨૫

(૬) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હુકમ નં.મફબ/SJMMSVY (UDP-78) /સુરત/૨૦૨૫–૨૬/આંતરમાળખાકીય વિકાસ–ગ્રાંટ/સૈધ્ધાંતિક/૨૦૨૫/૧૦૩૪૪, તા.૨૪/૦૬/૨૫

(૭) ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગરના અમૃત–૨.૦ માટેના પત્ર.
અ. પત્ર નં.GUDM/AMRUT 2.0/SWAP-I/1254, તા.૧૬/૦૫/૨૦૨૨.
બ.પત્ર નં.GUDM/AMRUT 2.0/SWAP/Trench-2/Adm.Approval/2022-23/2869(1) તા.૦૨/૧૧/૨૦૨૨.
ક.પત્ર નં.GUDM/AMRUT 2.0/PFMS Portal Payment/2023/425, તા.૧૭/૦૨/૨૦૨૩.
ડ. પત્ર નં.GUDM/AMRUT 2.0/SWAP/Trenche-3/Adm.Approval/2023-24, તા.૧૭/૦૫/૨૦૨૩.
ઈ.પત્ર નં.GUDM/AMRUT 2.0/Projects Fund Disbursement/2024-25/Part-24/1611,તા.૨૧/૦૬/૨૦૨૪.

(૮) મ્યુ.કમિશ્નરની નોંધ નં.સી.એન./૧૮૭, તા.૦૨/૦૭/૨૦૨૨

(૯) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હુકમ નં.મફબ/SJMMSVY (UDP-78) /સુરત/૨૦૨૫–૨૬/સડક યોજના/સૈધ્ધાંતિક/૨૦૨૫/૬૫૬૪, તા.૦૫/૦૫/૨૦૨૫

(૧૦) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હુકમ નં.મફબ/SJMMSVY (UDP-78) /૨૦૨૫–૨૬/MC-આ.ગ્રોથ ગ્રાંટ/આ.હ./૨૦૨૫/૧૦૧૨૯, તા.૨૩/૦૬/૨૦૨૫

(૧૧) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હુકમ નં.મફબ/ગ્રાંટ/SJMMSVY/જ.ભા./ સુરત/૨૦૨૫–૨૬/૨૦૨૫/૧૨૧૦૪, તા.૧૫/૦૭/૨૦૨૫

(૧૨) ભારત સરકારશ્રી, મિનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ એક્ષ્પેન્ડીચર, ડીરેકટરશ્રી (એફ.સી.ડી.), ન્યુ દિલ્હીના પત્ર નં.15 (2) FC-XV/FCD/2020-25, તા.૧૦/૦૮/૨૦૨૧

(૧૩) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હુકમ નં.મફબ/યુ.૨/નાણાપંચ/૨૦૨૨/૨૮૭૬, તા.૦૫/૦૩/૨૦૨૨

(૧૪) ભારત સરકારશ્રી, મિનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ એક્ષ્પેન્ડીચર, ડીરેકટરશ્રી (પીએફ–એસ), ન્યુ દિલ્હીના પત્ર નં.F.No.44 (1)/PF-S/2024-25 (CAPEX), તા.૦૯/૦૮/૨૦૨૪

(૧૫) ભારત સરકારશ્રી, મિનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ એક્ષ્પેન્ડીચર, ન્યુ દિલ્હીના પત્ર નં.F.No.44 (1)/PF-S/2025-26 (CAPEX), તા.૦૭/૦૪/૨૦૨૫

(૧૬) ભારત સરકારશ્રી, મિનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ એક્ષ્પેન્ડીચર, ન્યુ દિલ્હીના પત્ર નં.F.No.44 (1)/PF-S/2025-26 (CAPEX), તા.૨૨/૦૫/૨૦૨૫

(૧૭) મિશન ડાયરેકટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત પત્ર નં.SBM/0054/07/2025, તા.૧૧/૦૭/૨૦૨૫

(૧૮) સીટી ઈજનેરશ્રીની નોંધ નં.એકા/એસ.આર./આઉટ/૧૩૭, તા.૨૯/૦૪/૨૦૨૪ અને મુખ્ય હિસાબી વિભાગની નોંધ નં.એકા/એસ.આર./આઉટ/૦૬, તા.૨૮/૦૬/૨૦૨૪ (ટ્રેંચ રીઈન્સ્ટેટમેન્ટ)

(૧૯) ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ બાબતેનો સામાન્ય સભાના ઠરાવ નં.૨૦૨/૨૦૨૪, તા.૦૧/૦૮/૨૦૨૪

પરિપત્ર

સંદર્ભ–૧ મુજબ સામાન્ય સભાના ઠરાવ નંબર–૨૮ તા.૦૮–૦૫–૧૯૮૦ થી મંજૂર થયેલ બજેટ કેલેન્ડર મુજબ નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજો તેમજ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજો મોકલવા માટે આથી દરેક ખાતાના અધિકારી/ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીઓને જણાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં બરેબર થયેલ ખર્ચ તથા થનાર ખર્ચને ધ્યાનમાં રાખી ખાતાની જરૂરીયાત મુજબના BCNT/GLAC માં રીવાઈઝ્ડ બજેટ ફાળવી આપવામાં આવશે. વધુમાં, નીચે જણાવેલ મુદ્દાઓને સુધારેલ અંદાજપત્ર/મૂળ અંદાજપત્રની માહિતી મોકલવા બાબતે અચૂક ધ્યાનમાં રાખવાનાં રહેશે.

૧. હેડ ક્વાર્ટસ / ઝોન ઓફિસોએ નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજ અંગે બજેટ સેન્ટર સાથે સુસંગત એકાઉન્ટસ હેડના GLAC માં રેવન્યુ આવક/ખર્ચ, કેપિટલ આવક/ખર્ચ, જનરલ એડવાન્સનું લાગત GLAC ખાતે કરવા જોગ રીકુપમેન્ટ લક્ષમાં રાખી માંગણી કરવી, ખાસ કિસ્સામાં <u>તા.૩૧/૧૦/૨૦૨૫</u> સુધીમાં જે BCNT, GLAC પ્રોજેકટ કોડમાં બજેટ પ્રોવિઝન કરતા ખર્ચ/ આવક વધી ગયેલ હોય તો તે સંજોગોમાં જે તે BCNT, GLAC પ્રોજેકટ કોડમાં જરૂરી પ્રોવિઝન કરવાનું રહેશે. મંજૂર થયેલ નવા કામનો પ્રોજેકટ કોડ હિસાબી ખાતામાંથી મેળવી લેવાનો રહેશે. આ પરિપત્રના મુદ્દા નં.૯ મુજબ ખાતા/ઝોને કરેલ ડેટા એન્ટ્રીના ચેક લીસ્ટની એક નકલ લાગત જે તે બજેટ સેન્ટર વડાની સહી મેળવી વિભાગીય વડા મારફતે <u>તા.૨૪/૧૧/૨૦૨૫</u> સુધીમાં હિસાબી ખાતાને અચૂક મોકલવાના રહેશે. <u>વધુમાં, રિવાઈઝડ બજેટ તથા ડ્રાફ્ટ બજેટમાં રેવન્યુ તેમજ કેપિટલ ખર્ચના કિસ્સામાં જે તે BCNT, GLAC તથા પ્રોજેકટ કોડ હેઠળ કરવામાં આવેલ બજેટ જોગવાઈઓને તે સામે કરવામાં આવનાર કામોની વર્ક ડીટેઈલ્સ મોડયુલ્સ એન્ટ્રી સાથે સુસંગત કરવાની રહેશે. જેમાં જો કોઈ વિસંગતતા જણાશે તો તે અંગેની સઘળી જવાબદારી જે તે વિભાગના વડાશ્રીની રહેશે.</u>

૨. **નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજની માંગણી વેળા નીચેના સૂચનનો અચૂક અમલ કરવાનો રહેશે.**

૨.૧ રેવન્યુ આવક બાબતે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજમાં નાણાંકિય વર્ષ ૨૦૨૪–૨૦૨૫ ની થયેલ ખરેખર આવક તેમજ ચાલુ વર્ષની થયેલ ખરેખર આવક તથા ગ્રોથ નજર સમક્ષ રાખી તેના કરતાં વધુ અંદાજ દર્શાવવાનો રહેશે. જયારે રેવન્યુ આવક નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજમાં ઉપર દર્શાવેલ ગણતરી બાદ નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ની અંદાજેલી આવકમાં ઓછામાં ઓછો <u>૧૦% સુધીનો રાઈઝ</u> આપી તથા જે તે રેવન્યુ આવકના દરોમાં સુધારો થયેલ/થનાર હોય તેને અનુલક્ષી વધુ આવકનાં અંદાજ આપવાનાં રહેશે. આ અંગે બજેટ જોગવાઈઓ કરતા પહેલાં ખાતાના વડાશ્રી/ વિભાગીય વડાશ્રીઓએ તમામ આવકોની સમીક્ષા કરવાની રહેશે તેમજ જે કોઈ નવી રેવન્યુ આવક આમેજ કરવા જોગ હોય તો તેને રીવાઈઝ તથા ડ્રાફ્ટ બજેટ જોગવાઈમાં સમાવેશ કરવાનો રહેશે. રેવન્યુ આવક એ સુરત મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્ત્રોત હોય, હયાત રેવન્યુ આવક પૂરેપૂરી વસૂલ કરવા તથા રેવન્યુ આવકના નવા સ્ત્રોત ઉભા કરવા તમામ ઝોન/ખાતા/વિભાગે સઘન પ્રયત્નો હાથ ધરી અંદાજેલ મહત્તમ રેવન્યુ આવક મેળવવા કાર્યવાહી કરવાની રહેશે.

રાજય સરકારશ્રીના સંદર્ભ–૨ ના તા.૧૮/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશનથી નવા વિસ્તારનો સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થવાથી કુલ 461.60 Sq.km. ના વિસ્તારોની તમામ જમીન–મકાનોની આકારણી કરી ટેક્ષ તથા નોન ટેક્ષ આવકોને પણ સુધારેલ બજેટ ૨૦૨૫–૨૬ તથા ડ્રાફ્ટ બજેટ ૨૦૨૬–૨૭ ની જોગવાઈમાં આમેજ કરવાની રહેશે.

રેવન્યુ આવકના કિસ્સામાં GST ને પાત્ર આવક તેમજ GST ને પાત્ર ન હોય તેવી આવકો અંગે GST કન્સલટન્ટનો અભિપ્રાય મેળવ્યા બાદ તેની જોગવાઈ સંબધિત GLAC ખાતે કરવાની રહેશે.

૨.૨ રેવન્યુ ખર્ચ બાબતે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજની માંગણી વેળા સદર માંગણી છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ ખરેખર ખર્ચને ધ્યાનમાં રાખી ઓછામાં ઓછો ૧૦% ખર્ચનો ઘટાડો થાય તે મુજબ અંદાજ રાખવાનો રહેશે. જેથી રેવન્યુ ખર્ચ સંદર્ભે મહત્તમ કરકસરના પગલાં લઈ શકાય. વિભાગીય વડાશ્રી/ખાતાકીય વડાશ્રીઓએ રેવન્યુ ખર્ચની સમીક્ષા અંતે બિનજરૂરી રેવન્યુ ખર્ચ નિવારવા જરૂરી પગલાં લેવાના રહેશે.

નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજ તૈયાર કરતી વખતે પ્રોજેકટનાં આનુષાંગિક ખર્ચ તેમજ આવક બાબતમાં અગાઉનાં વર્ષનાં ગ્રોથને ધ્યાનમાં રાખી પૂરી ચોકસાઈથી માંગણી કરવાની રહેશે. જેથી સક્ષમ સત્તાધીશની મંજૂરી અર્થે મળતી બજેટ મીટીંગની ચર્ચા વેળાએ લઘુત્તમ ફેરફારો કરવાનાં રહેશે.

આઉટ સોર્સીંગના તમામ કામો કે જેનો વાર્ષિક ખર્ચ ગણી શકાય તેવો હોય તેવા એન્યુઅલ મેઈંટેનન્સ કોન્ટ્રાકટ– હાઉસકીપીંગ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, સોસાયટીની સફાઈ અનુદાન ખર્ચ, લાયબ્રેરી મેઈંટેનન્સ કોન્ટ્રાકટસ, કોમ્પ્યુટર્સ ઓપરેટર્સ, ટ્રીટમેન્ટ પ્લાન્ટસ (O&M), કન્સલટન્સી, વર્કશોપના / વ્હીકલ એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટસ વિ.ની એકટીવીટી વાઈઝ કુલ ખર્ચની માહિતી ઝોન/ખાતા લેવલે જાળવવાની રહેશે.

૨.૩ કેપિટલ આવક બાબતે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજ માટે મળવાપાત્ર આવકની જોગવાઈ કરાવવી. વધુમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦, અમૃત યોજના ૨.૦, સ્વચ્છ ભારત મિશન ૨.૦ હેઠળના કામો અને સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના, મુખ્યમંત્રી શહેરી સડક યોજના, ૧૫ માં કેન્દ્રીય નાણાંપંચ ગ્રાંટ તેમજ રાજય અને કેન્દ્ર સરકારની અન્ય ગ્રાંટ યોજનાઓ અન્વયેના મંજૂર થયેલ પ્રોજેકટ પૈકી મળનાર અગાઉની બાકી / ચાલુ વર્ષની ગ્રાન્ટની ગણતરી કરી જોગવાઈ કરાવવાની રહેશે. આ અંગે સીટી ઈજનેરશ્રીએ સંકલન કરી તમામ ગ્રાંટ આવકોના અંદાજો નિયત સમયમર્યાદામાં તૈયાર કરી આકારવા જોગ ગ્રાંટ આવકની વિગતો હિસાબી ખાતાને પૂરી પાડવાની રહેશે.

કેપિટલ આવકના કિસ્સામાં જે તે ઝોન વિસ્તારની મંજુર થયેલ ફાયનલ ટી.પી.સ્કીમ મુજબ વસૂલ કરવા જોગ બેટરમેન્ટ ચાર્જીસની આવકના અંદાજો બિનચૂક આમેજ કરવાના રહેશે. સ્થાયી મિલકતોના વેચાણના હપ્તા તેમજ બાકી ઈમ્પેકટ ફી ની આવકને પણ અંદાજોમાં આમેજ કરવાના રહેશે તથા શહેર વિકાસ વિભાગ અંતર્ગત GRUDA 2022 નવા બિનઅધિકૃત બાંધકામને અધિકૃત કરવા અંગેની મળવાપાત્ર આવક ઈમ્પેકટ ફીની જોગવાઈ GLAC-7137 ખાતે કરવાની રહેશે.

વધુમાં, લાગત સંબંધિત ઝોન/ખાતામાં જે તે સમયે લેવામાં આવેલ બેટરમેન્ટ ચાર્જીસ / આઈ.સી.ના નાણાંની ડીપોઝીટ સુરત મહાનગરપાલિકાના ચોપડે ખૂબ જ મોટા પ્રમાણમાં જણાય છે. જેથી તે અંગે તમામ ઝોન/સંબંધિત ખાતાએ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી આવી ડીપોઝીટને કેપિટલ આવકમાં તબદીલ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તદાનુસાર સદર આવકના GLAC ખાતે તેટલા અંશે બજેટ જોગવાઈ કરવાની રહેશે. આ અંગે જે તે ખાતાધિકારીશ્રી જવાબદાર રહેશે.

૨.૪ કેપિટલ ખર્ચ બાબતે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના સુધારેલ અંદાજ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજમાં થનાર ખરેખર ખર્ચ / નવા હાથ ધરાનાર કામો ધ્યાનમાં રાખી, નવા પ્રોજેકટનો સમાવેશ કરી બજેટની માંગણી કરવી તેમજ નવા પ્રોજેકટના પ્રોજેકટ કોડ હિસાબી ખાતામાંથી મેળવી તે મુજબ માહિતી આપવાની રહેશે.

સીટી ઈજનેર સ્પે.સેલ દ્વારા કેન્દ્ર/રાજય સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ મળવાજોગ ગ્રાંટમાં સમાવિષ્ટ કરવાપાત્ર કામોની મૂળ દરખાસ્ત તથા પૂરક દરખાસ્ત સીટી ઈજનેર સ્પે.સેલ તેમજ મુખ્ય હિસાબી વિભાગના વિભાગીય વડાશ્રીની સંયુકત મંજુરી મેળવી નીચે સહી કરનાર સમક્ષ રજુ કરવાની રહેશે.

અમૃત ૨.૦ ની સંદર્ભ–૭ ના પત્રોમાં જણાવ્યા મુજબ SWAP-I, II અને III તેમજ અમૃત સરોવર અંગેની જોગવાઈ પ્રોજેકટ કોડ C-916 ખાતે તેમજ અમૃત ૨.૦ ના બિલોના ચુકવણાં અંગે SNA SPARSH પોર્ટલ માટેના મા.ડે.મ્યુનિ.કમિશનરના પરિપત્ર ક્રમાંક નં./એકા./એસ.આર./૧૩ તા.૦૨/૦૭/૨૦૨૫ ને ધ્યાને

લેવો અને સ્વચ્છ ભારત મિશન–અર્બન ૨.૦ યોજના અંતર્ગત સંદર્ભ–૧૭ થી ઘટકવાઈઝ મંજુર થયેલ/થનાર ગ્રાંટના કેપિટલ ખર્ચની જોગવાઈ ઓકટોબર–૨૦૨૧ ની ઓપરેશનલ ગાઈડલાઈન્સ મુજબ પ્રોજેકટ કોડ C-915 ખાતે તથા રેવન્યુ ખર્ચ માટે સંબંધિત GLAC ખાતે કરવાની રહેશે. પરંતુ, અમૃત યોજના અને સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ મળેલ ગ્રાંટ, વણવપરાયેલ ગ્રાંટ તેમજ મળનાર ગ્રાંટ ધ્યાને લઈ ગ્રાંટ ખર્ચ ખાતે જોગવાઈ કરવાની રહેશે. આ અંગેનું સંકલન સીટી ઈજનેરશ્રીએ કરવાનું રહેશે.

સંદર્ભ–૧૯ ના સામાન્ય સભા ઠરાવથી સુરત મહાનગરપાલિકા ધ્વારા "ગ્રીન ડેબ્ટ સીકયુરીટીઝ" બહાર પાડવા અંગે સૈધ્ધાંતિક નિર્ણય કરવામાં આવેલ હોય, આ સંદર્ભે મજકુર સામાન્ય સભા ઠરાવથી મંજુર થયેલ ગ્રીન પ્રોજેકટ અન્વયેની કેપિટલ ખર્ચની જોગવાઈ પ્રોજેકટ કોડ C-908 ખાતે સંબંધિત GLAC હેઠળ લોન ફંડ તરીકે જે તે ઝોન/વિભાગ/ખાતા ધ્વારા કરવાની રહેશે.

સને ૨૦૨૫–૨૬ની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મંજુર થયેલ કામોના ખર્ચની બજેટ જોગવાઈ પ્રોજેકટ કોડ C-828 ખાતે કરવા જણાવવામાં આવેલ, પરંતુ ખાતા/વિભાગ/ઝોન દ્વારા નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના અંદાજપત્રમાં પ્રોજેકટ કોડ C-828 ખાતે સંબંધિત GLAC ખાતે જોગવાઈ કરેલ ન હોય તો તેવા કિસ્સામાં નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના પૂરવણી અંદાજપત્રમાં સંબંધિત GLAC ખાતે જોગવાઈ કરી તેવો ખર્ચ ટ્રાન્સફર કરવાનો રહેશે. વધુમાં, સદર યોજના હેઠળ મંજુર થયેલ કામો કે જે સ્પીલ ઓવર થઈ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં સમાવેશ કરવાજોગ હોય તેવા કામોની બજેટ જોગવાઈ પણ પ્રોજેકટ કોડ C-828 ખાતે કરવાની રહેશે.

<u>સને ૨૦૨૬–૨૭ ની સ્વર્ણિમ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધા માટે GMFB અને GUDM ધ્વારા મળનાર કેપિટલ ગ્રાંટના મંજુર થનાર સંભવિત કામો અંગેની બજેટ જોગવાઈ સીટી ઈજનેરશ્રીના સંકલન હેઠળ પ્રોજેકટ કોડ C-842 ખાતે કરવાની રહેશે.</u> આ યોજના અંગે નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ માં કરવામાં આવનાર જોગવાઈ બાબતે સક્ષમ સત્તાએ મંજુર કરેલ કામોને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર ધ્વારા સને ૨૦૨૬–૨૭ ની ગ્રાંટ પ્રાપ્ત થયેથી જ ગ્રાંટ હેઠળના કામો શરૂ કરવાના રહેશે. જે અંગેનું સંકલન સીટી ઈજનેરશ્રીએ કરવાનું રહેશે, તેમજ સદર કામો શરૂ કરતા પહેલા સીટી ઈજનેરશ્રીનો લેખિત અભિપ્રાય બિનચૂક લેવાનો રહેશે. જેથી મળવાપાત્ર ગ્રાંટ મુજબ જ ખર્ચ કરી શકાય તેમજ સુરત મહાનગરપાલિકાના સ્વભંડોળનો ઉપયોગ નિવારી/ઘટાડી શકાય.

સને ૨૦૨૫–૨૬ ની મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના મંજુર થયેલ ગ્રાંટના કામોનો ખર્ચ હેડ કવાર્ટર્સ BCNT-45 પ્રોજેકટ કોડ <u>C-829</u> ખાતે કાર્યપાલક ઈજનેરશ્રી, રોડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના પરામર્શ હેઠળ જોગવાઈ કરવાની રહેશે. વધુમાં, સને ૨૦૨૬–૨૭ ની મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના મંજુર થનાર કામો સંદર્ભેની જોગવાઈ પણ હેડકવાટર્સના BCNT-45 ઉપર પ્રોજેકટ કોડ <u>C-843</u> ખાતે કાર્યપાલક ઈજનેરશ્રી, રોડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના પરામર્શ હેઠળ ડ્રાફટ અંદાજપત્રમાં જે તે ઝોને જોગવાઈ કરાવવાની રહેશે.

સને ૨૦૨૬–૨૭ ના મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ મળવાપાત્ર ગ્રાંટ અંદાજો મુજબ જ કેપિટલ ખર્ચની જોગવાઈ કરવાની રહેશે તેમજ સદરહુ ગ્રાંટ પ્રાપ્ત થયેથી સીટી ઈજનેરશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, રોડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના સંકલનમાં લેખિત મંજુરી બાદ મંજુર થયેલ કામો શરૂ કરવાના રહેશે.

૨.૪(એ)સીટી ઈજનેરશ્રી તરફથી કરવામાં આવેલ દરખાસ્તોને આધીન ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગુજરાત રાજય ધ્વારા વિવિધ દફ્તરી હુકમોથી સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરની ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી રસ્તા, પાણી, સ્ટ્રીટલાઈટ તથા ડ્રેનેજની સુવિધાઓ માટે નાણાંકિય વર્ષ

૨૦૧૭–૧૮ માં રૂા.૧૩૫.૧૬ કરોડની, નાણાંકિય વર્ષ ૨૦૧૮–૧૯ માં રૂા.૮૫.૩૬ કરોડની તથા નાણાંકિય વર્ષ ૨૦૧૯–૨૦ માં ૭૬.૬૦ કરોડની તથા નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ માં રૂા.૩૩.૯૭ કરોડની ગ્રાંટ ફાળવેલ છે. જે જનભાગીદારી હેઠળની ગ્રાંટનો વપરાશ મજકુર ગ્રાંટની માર્ગદર્શિકા, સૂચનાઓ તથા શરતોને આધીન સીટી ઈજનેરશ્રીનાં તાબા હેઠળના સંકલન, માર્ગદર્શન, સૂચનાઓ મુજબ સુરત મહાનગરપાલિકાના આ અંગેના ઠરાવોની જોગવાઈ મુજબ જ કરવાનો રહેશે તેમજ તેનો ખર્ચ જે તે ઝોનના BCNT-46 , પ્રોજેકટ કોડ C-998 ઉપર સંબધિત GLAC ખાતે રીવાઈઝડ તથા ડ્રાફ્ટ બજેટમાં જોગવાઈ કરવાની રહેશે.

વધુમાં, જનભાગીદારી યોજના હેઠળ સને ૨૦૨૧–૨૨ થી ૨૦૨૬–૨૭ ની મળેલ/મળનાર ગ્રાંટની નીચે દર્શાવેલ પત્રક મુજબ સંબંધિત વર્ષ વાઈઝ ફાળવવામાં આવેલ Project Code ઉપર સંબંધિત GLAC ખાતે બજેટ જોગવાઈ કરવાની રહેશે.

—:: પત્રક ::—

અ.નં.	ગ્રાંટ વર્ષ	Project Code	રીમાર્ક્સ
૧	૨૦૨૧–૨૨	C-984	નોંધઃ– સદર યોજના હેઠળ વોટર હાર્વેસ્ટીંગના કામોની જોગવાઈ GLAC-5698 ખાતે કરવાની રહેશે.
૨	૨૦૨૩–૨૪	C-980	
૩	૨૦૨૪–૨૫	C-981	
૪	૨૦૨૫–૨૬	C-982	
૫	૨૦૨૬–૨૭	C-983	

સદર ગ્રાંટના વપરાશ અંગે સીટી ઈજનેરશ્રી તથા હિસાબી ખાતા દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલ પરિપત્રો તથા નોંધોની સૂચનાઓનો સ્પષ્ટપણે અમલ કરવાનો રહેશે.

૨.૪(બી)૧૫માં કેન્દ્રીય નાણાંપંચની યોજના હેઠળ મુખ્ય બે ઘટકો એર ક્વોલીટી ઘટક તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ઘટકનો સમાવેશ થયેલ છે. મજકુર ગ્રાંટ એ પર્ફોમન્સ બેઈઝ ગ્રાંટ હોય, જે અંગે મજકુર ગ્રાંટની માર્ગદર્શિકાને આધીન નિશ્ચિત સમયમર્યાદામાં નિયત કરેલ પ્રોજેકટોની કામગીરી તથા શરતોની પૂર્તતા કરવાની રહેશે. આ અન્વયે નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ ની મળેલ/મળનાર ગ્રાંટમાં સમાવેશ/મંજુર કરેલ કામો અંગેનો ખર્ચ એર ક્વોલીટી ઘટકના કિસ્સામાં પ્રોજેકટ કોડ C-925 તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ઘટકના કિસ્સામાં પ્રોજેકટ કોડ C-937 ખાતે પાડવાનો રહેશે. (સ્પીલ ઓવર કામો સહિત)

આ જ પ્રકારે સને ૨૦૨૪–૨૫ ની મળેલ ગ્રાંટની સને ૨૦૨૫–૨૬ ના પુરવણી બજેટમાં મંજુર થયેલ / થનાર કામોના ખર્ચની જોગવાઈ એર ક્વોલીટી ઘટકના કિસ્સામાં પ્રોજેકટ કોડ C-926 તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ઘટકના કિસ્સામાં પ્રોજેકટ કોડ C-938 ખાતે જોગવાઈ કરવાની રહેશે. (સ્પીલ ઓવર કામો સહિત)

સને ૨૦૨૫–૨૬ ની ૧૫ માં કેન્દ્રીય નાણાંપંચ યોજના અંગેની મળનાર ગ્રાંટમાં સમાવિષ્ટ થનાર કામોની બજેટ જોગવાઈ એર ક્વોલીટી ઘટકના કિસ્સામાં પ્રોજેકટ કોડ C-927 તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ઘટકના કિસ્સામાં પ્રોજેકટ કોડ C-939 ખાતે કરવાની રહેશે.

સને ૨૦૨૬–૨૭ માં સૂચિત ૧૬ માં કેન્દ્રીય નાણાંપંચ યોજના હેઠળ સરકારશ્રી તરફથી ફાળવવા જોગ ગ્રાંટ સામે હાલ પ્રાથમિક ધોરણે પ્રોજેકટ કોડ C-928 ખાતે બજેટ જોગવાઈ કરવાની રહેશે. સરકારશ્રી તરફથી સદરહુ યોજના હેઠળ કઈ પ્રકારની થીમ પર ગ્રાંટ ફાળવવાની શકયતા સ્પષ્ટ થતા ઘટક વાઈઝ પ્રોજેકટ કોડની અત્રેથી ફાળવણી કર્યા બાદ તેના ઉપર બજેટ જોગવાઈ કરવાની રહેશે.

કેન્દ્રીય ૧૫માં તથા ૧૬માં નાણાંપંચની માર્ગદર્શિકા, વખતોવખતના ઠરાવો / પરિપત્ર અન્વયે ઉકત બજેટ જોગવાઈઓ સીટી ઈજનેરશ્રીના સંકલનમાં કરવાની રહેશે.

૨.૪(સી) રાજય સરકારશ્રીના સંદર્ભ–૨ ના નોટીફીકેશનને આધીન નવી સમાવિષ્ટ નગરપાલિકા તથા ગ્રામપંચાયતના વિસ્તારોમાં પ્રાથમિક સેવાઓ તેમજ આંતર માળખાકીય વિકાસના કામો અંગેની સને ૨૦૨૫–૨૬ ના વર્ષ સુધીની મળેલ તેમજ ૨૦૨૬–૨૭ ના વર્ષમાં મળનાર આઉટ ગ્રોથ ગ્રાંટની જોગવાઈ જે તે ઝોન/ખાતા/વિભાગે પોતાના BCNT ઉપર પ્રોજેકટ કોડ C-616 ખાતે લાગત GLAC હેઠળ સુધારેલ તેમજ ડ્રાફટ બજેટમાં કરવાની રહેશે.

૨.૪(ડી) નાણાંકિય વર્ષ ૨૦૧૭–૧૮ થી ૨૦૨૫–૨૬ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ ના વર્ષમાં જે કેપિટલ કામો વિવિધ ગ્રાંટોના અંતર્ગત જેવી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, અમૃત યોજના અને અમૃત યોજના–૨.૦, કેન્દ્રીય ૧૫માં તથા ૧૬માં નાણાંપંચ ગ્રાંટ, સ્વચ્છ ભારત મિશન ૨.૦, સ્પેશ્યલ આસીસ્ટન્સ ટુ સ્ટેટ ફોર કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ હેઠળ, સુરત સ્માર્ટ સીટી મિશન અંતગર્ત જે પ્રોજેકટ કર્ન્વઝન હેઠળ મંજુર કરવામાં આવેલ છે કે થનાર છે તે કામોનો જેટલો ખર્ચ તે ગ્રાંટ હેઠળ પડવાનો છે તેમજ બાકી રહેતો ખર્ચ સુરત મહાનગરપાલિકાના ફંડમાંથી થનાર છે તેનું અલગથી પત્રક બનાવી રજુ કરવાનું રહેશે અને તે મુજબ જે તે ગ્રાંટની માર્ગદર્શિકા મુજબ બજેટનું પ્રોવિઝન કરાવવાનું રહેશે. આ અંગે ઉકત સંબંધિત ગ્રાંટોનો મહત્તમ વપરાશ થાય તે પ્રમાણેની જોગવાઈ કરવાની રહેશે. ઉપરોકત જણાવેલ તમામ કેપિટલ ગ્રાંટ અન્વયેના કામો ચાલુ કરતા પહેલા સીટી ઈજનેરશ્રીની લેખિત મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૨.૪(ઈ)કેન્દ્ર તથા રાજય સરકાર ધ્વારા વિવિધ યોજનાઓ હેઠળ પ્રાપ્ત થતી ગ્રાંટોની માર્ગદર્શિકા, શરતોને આધીન ગ્રાંટ ખર્ચ, સ્વભંડોળના ખર્ચ અંગે સુરત મહાનગરપાલિકાના e-Account મોડયુલ્સમાં હિસાબી ખાતા ધ્વારા તબકકાવાર ફેરફાર તથા સુધારાઓ કરવામાં આવનાર છે. જે અંગે જે તે ઝોન/વિભાગ/ખાતાએ e-Account ના વર્કઓર્ડર મોડયુલ્સ તથા બીલીંગ મોડયુલ્સમાં તદાનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૨.૪(એફ)ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમ ૬૩(૨) હેઠળ મુખ્યત્વે અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ તેમજ સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોની વસ્તીવાળા વિસ્તારોમાં પાણી પુરવઠા, ગટર, સફાઈ, રસ્તા ઉપરના દીવાબત્તી, તબીબી સહાય, ગંદા વિસ્તારોની નાબૂદી જેવી મુળભુત સગવડ અને અન્ય બીજી બાબતોમાં રાજય સરકારશ્રી ધ્વારા જાહેરનામાંથી નિર્દિષ્ટ કરેલ આવકોને તેની આવકના દસ ટકા કરતાં વધુ નહી તેટલી રકમનું ખર્ચ દર વર્ષે અંદાજપત્રમાં કરવાનું ફરજીયાત હોય, રીવાઈઝ તથા ડ્રાફટ બજેટમાં તદાનુસાર ૬૩/૨ હેઠળ સંબંધિત જોગવાઈ કરવાની રહેશે તેમજ આ જોગવાઈ અંગે તમામ ઝોન/ખાતાએ ઉકત નિર્દિષ્ટ અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ અને સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોની વસ્તીવાળા વિસ્તારોમાં નિર્દિષ્ટ સેવાઓનો ખર્ચ ઓછામાં ઓછો ૧૦% થાય તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં, કેન્દ્ર તથા રાજય સરકારશ્રીની વિવિધ વિકાસલક્ષી યોજનાઓની ગ્રાંટમાં જે તે યોજના હેઠળ ફાળવવામાં આવતી વર્ષ વાઈઝ ગ્રાંટોની રકમો પૈકી અનુસુચિત જાતિ પેટા યોજના (SCSP) તથા અનુસુચિત જનજાતિ પેટા યોજના (TASP) ની ગ્રાંટ રકમનો ઉપયોગ સુરત મહાનગરપાલિકાએ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના નાગરિકોની મહત્તમ વસ્તી ધરાવતા સંબંધિત વિસ્તારોના કામો હાથ ધરવાના રહેશે. આ અંગેનું સંકલન સીટી ઈજનેરશ્રીએ કરવાનું રહેશે.

૨.૪(જી)"આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના વિવિધ ઘટકો મુજબ આવાસ યોજનાઓના ફેઝ વાઈઝ ડી.પી.આર. મંજુરી મુજબ કેપીટલ આવક અને ખર્ચની જોગવાઈ તેમજ તે અન્વયે મળનાર કેન્દ્ર/રાજય સરકારશ્રીની ગ્રાંટની રીવાઈઝ બજેટ તથા ડ્રાફટ બજેટમાં જોગવાઈ કરવાની રહેશે.

મુજબ એક્રુઅલ / કેશ આંકડા દર્શાવવા તેની સામે વર્ષ દરમ્યાનની ૯૫ % થી ઓછી નહી તે રીતે ચાલુ / પાછલી રીકવરી દર્શાવવાની રહેશે. ઉપરોકત માહિતી દરેક ઝોનના આકારણી અને વસૂલાત અધિકારી પાસેથી મેળવી જે તે ઝોન ઓફીસે વર્ષ આખરની તેમજ બીલીંગ સાયકલ પછીની કોમ્પ્યુટર સમરી સાથે ડીમાન્ડ/ રીકવરી નું GLAC મુજબ ઝોનવાઈઝ પત્રક અલગ અલગ તૈયાર કરી લાગત ઝોનના આકારણી અને વસૂલાત અધિકારીની સહી મેળવી આકારણી સેન્ટ્રલ સેલ મારફત હિસાબીખાતાને મુકરર મુદતમાં મોકલવાની રહેશે.

વધુમાં, આકારણી અને વસૂલાત અધિકારી, આકારણી સેન્ટ્રલ સેલે ટાઉન પ્લાનીંગ વિભાગ હેઠળની GIS સીસ્ટમ અંતર્ગત તમામ મિલ્કતોને GIS હેઠળ આમેજ કરવાની તેમજ પ્રોપર્ટી ટેક્ષના એરીયર્સ ડીમાંડ વસુલાત અંગે એક માસ્ટર પ્લાન તૈયાર કરી તમામ ઝોન સાથે સંકલનથી મહત્તમ એરીયર્સ ડીમાંડ વસુલાત કરવા કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૫. નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના કર અને દરની દરખાસ્ત બાબતે

૫.૧ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ માટે બેસાડવા જોગ " કર અને દર " ની ટેક્ષવાઈઝ / GLAC મુજબની દરખાસ્ત આકારણી સેન્ટ્રલ સેલ વિભાગે નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં અચૂક હિસાબીખાતાને મોકલવાની રહેશે.

૫.૨ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ માટે વ્યવસાય વેરાને લગતી કરની દરખાસ્ત ડે.કમિશ્નરશ્રી મારફત નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં અચૂક હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૫.૩ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ માટે નકકી કરવા જોગ " ભાડાની આવક બાબત " જમીન મિલ્કત / ટાઉન પ્લાનીંગ ખાતાની દરખાસ્ત ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગે નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૫.૪ GLAC–૧૦૧૭ અને GLAC–૧૦૧૮ અંગે શહેર પાણી ખાતાની થનાર આવક પાછલા/ચાલુ એક્રુઅલ/કેશ રીવાઈઝડ તેમજ આગામી વર્ષની દરખાસ્ત નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે અને GLAC ૧૦૭૦ પાણીનાં ચાર્જ અંગે હાઈડ્રોલિક ખાતાએ સંકલન કરી સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ વિભાગીય વડાશ્રી મારફતે યુઝર્સ ચાર્જીસની દરખાસ્ત નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૫.૫ GLAC ૧૦૭૧ ડ્રેનેજ ચાર્જ અંગે ડ્રેનેજ ખાતાએ સંકલન કરી સરકારશ્રીની ગાઈડ લાઈન્સ મુજબ વિભાગીય વડાશ્રી મારફતે યુઝર્સ ચાર્જીસની દરખાસ્ત નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૫.૬ GLAC ૧૦૭૨ સોલીડ વેસ્ટ અને લાગત ચાર્જ અંગે સોલીડ વેસ્ટ વિભાગે સંકલન કરી સરકારશ્રીની ગાઈડ લાઈન્સ મુજબ વિભાગીય વડાશ્રી મારફતે યુઝસ ચાર્જીસની દરખાસ્ત નીચે સહી કરનાર પાસે એપ્રુવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૫.૭ GLAC ૧૦૭૪ સ્ટ્રીટ લાઈટ ચાર્જીસ (યુઝર) અંગે વિભાગીય વડાશ્રી મારફતે ચાર્જીસની દરખાસ્ત નીચે સહી કરનાર પાસે એપ્રૂવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૫.૮ GLAC ૧૦૭૬ ફાયર ચાર્જીસ અંગે ચીફ ફાયર ઓફિસરશ્રીએ વિભાગીય વડાશ્રી મારફત ફાયર ચાર્જીસની દરખાસ્ત નીચે સહી કરનાર પાસે એપ્રૂવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

વધુમાં, સંદર્ભ–૪ ના સ્થાયી સમિતિ ઠરાવ નં.૬૭૧/૨૦૨૧, તા.૨૨/૦૭/૨૦૨૧ થી કેન્દ્ર સરકારશ્રીની ARHCs (Affordable Rental Housing Complexes) ની મંજુર થયેલ નીતિને આધીન મોડેલ–૧ અને મોડેલ–૨ અંતર્ગત ફાળવવામાં આવનાર આવાસોની આવક GLAC-1112 ખાતે બજેટ જોગવાઈ કરવાની રહેશે.

૨.૪(એચ) ભારત સરકારશ્રી ધ્વારા સ્પેશયલ આસીસ્ટન્સ ટુ સ્ટેટ ફોર કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ હેઠળ મંજુર થયેલ/ થનાર પ્રોજેકટ અન્વયે સંદર્ભ–૧૪, ૧૫ તથા ૧૬ માં જણાવ્યા મુજબની ગાઈડલાઈન્સ ધ્યાને લઈ સીટી ઈજનેર સ્પે.સેલના સંકલન હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ની ગ્રાંટ માટે પ્રોજેકટ કોડ C-919 તથા વર્ષ ૨૦૨૫–૨૬ ની ગ્રાંટ માટે પ્રોજેકટ કોડ C-920 ખાતે અને વર્ષ ૨૦૨૬–૨૭ ની સુચીત ગ્રાંટ માટે પ્રોજેકટ કોડ C-957 ખાતે આપશ્રીના સંબંધિત ખાતા/ઝોન/વિભાગના લાગત GLAC/BCNT ખાતે લોન ફંડ તરીકે જરૂરી બજેટ જોગવાઈ કરવાની રહેશે.

૨.૪(આઈ) પાણી પુરવઠા, ડ્રેનેજની નળિકાઓનું નેટવર્ક, નવા બ્રીજ/ ફલાયઓવર બ્રીજ તથા સી.સી.રોડ બનાવવાના કામો અંતર્ગત કરવામાં આવતા ટ્રેન્ચ રીઈન્સ્ટટમેન્ટનાં કામોનાં ખર્ચ જે તે કેપીટલ કામોની ગ્રાંટમાં કરાવવા બાબતે સંદર્ભ–૧૮ મુજબ આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈ સંબંધિત ઝોન/ખાતા/વિભાગે આંતરિક સંકલનમાં રહીને બજેટની જોગવાઈનું ડુપ્લીકેશન ન થાય તે મુજબ જરૂરી બજેટ જોગવાઈ કરવાની રહેશે.

૨.૫ કેપિટલ કામોમાં લાગત ખાતા / વિભાગે સ્પીલ ઓવર અને નવા કેપિટલ કામોની વિગત Outcome Based Budget માં અલગથી રીવાઈઝડ નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ અને નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ મુજબ આપવાની રહેશે. (વધુમાં, નવા પ્રોજેકટ કોડ અંગે મુદ્દા નં.૮ મુજબ ડેટા એન્ટ્રી કરવાની રહેશે.)

૩. નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના નવા વિસ્તારો સહિતના સુરત મહાનગરપાલિકાના મહેકમ ખર્ચના Budget માટે જે તે ઝોન / ખાતાની ખાલી જગ્યા સહિતની માહિતી કોમ્પ્યુટર પર તૈયાર કરી બજેટ સેન્ટર – 06 હિસાબીખાતા હેઠળ પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવશે. ઓડીટ / સેક્રેટરી ખાતાએ ' ખાલી જગ્યા ' અંગેની માહિતી હિસાબી ખાતાને <u>તા. ૨૪/૧૧/૨૦૨૫</u> સુધીમાં મોકલવી, આરોગ્ય ખાતાની ખાલી જગ્યા અંગેની માહિતી તેમના વિભાગીય વડાશ્રી મારફતે, જયારે અન્ય તમામ ખાતા / ઝોન ઓફીસની ' ખાલી જગ્યા' અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ ખાતાએ તેમના વિભાગીય વડાશ્રી મારફતે <u>હિસાબી ખાતાને તા. ૨૪/૧૧/૨૦૨૫</u> સુધીમાં મોકલવી. મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા હાલ સક્ષમ સત્તાની મંજુરીથી કરેલ સુરત મહાનગરપાલિકાના મહેકમ શીડયુલ રીસ્ટ્રકચર આધીન નવા ઉપસ્થિત થયેલ મહેકમ શીડયુલ મુજબના તથા શહેર વિસ્તારમાં આમેજ નવા વિસ્તારોના મહેકમ ખર્ચ સહિત નવા પે સેન્ટરોનો મહેકમ ખર્ચ બજેટ શીડયુલ ૧૪ ની જોગવાઈ હિસાબી ખાતાના સંકલનમાં કરવાની રહેશે.

વધુમાં, સુરત મહાનગરપાલિકાનો મહેકમ ખર્ચ (તમામ સેવાનિવૃત્તિના લાભો સહિત) એ કુલ રેવન્યુ ખર્ચના અંદાજે ૫૫% થી વધુ હોય, મહેકમ ખર્ચ ઉપર અંકુશ મુકવા મધ્યસ્થ મહેકમે તથા આરોગ્ય મહેકમે તમામ શીડયુલ જગ્યાને રીસ્ટ્રકચર કરી મેનપાવર મોબીલાઈઝેશન કરી મહેકમ ખર્ચમાં ઘટાડો થાય તે અંગેના પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

૪. ઝોન ઓફીસોએ સીધાવેરા આવક અંગે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ નાં ગુજરાતી અંદાજપત્રના શીડયુલ–૯ "ઝોન વાઈઝ અંદાજીત ડીમાન્ડ/વસૂલાત/બાકી " માં દર્શાવેલ છે તેની સાથે વર્ષ આખરની કોમ્પ્યુટર Closing Summary Match કરી ચાલુ વર્ષનો પૂરક એક્રુઅલ / કેશ સુધારો કરવા જોગ હોય તે અચૂક કરવો. વધુમાં વર્ષ દરમ્યાન કમી / જાસ્તીની actuals પર થનાર અસર નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના કુલ accruals (માંગણા)ના પ્રત્યેક વેરા માટે ધ્યાનમાં રાખવું " એરીયા બેઈઝડ આકારણી પધ્ધતિ મુજબ લાગત" GLAC

૫.૯ GLAC ૧૦૭૭ પર્યાવરણ સુધારણા ચાર્જીસની દરખાસ્ત વિભાગીય વડાશ્રી મારફતે નીચે સહી કરનાર પાસે એપ્રૂવ્ડ કરાવી સહી મેળવી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં હિસાબી ખાતાને મોકલવાની રહેશે.

૬. દરેક ખાતા / ઝોન ઓફીસે કેપિટલ ખર્ચ / રેવન્યુ ખર્ચ કોમ્પ્યુટર પ્રોગ્રામ ઈનપુટ ફોર્મમાં સ્ટોર્સ ખર્ચ / અન્ય ખર્ચની કોલમમાં માહિતી નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના મૂળ અંદાજમાં અવશ્ય પૂરી પાડવી જરૂરી છે. દરેક પ્રોજેકટને લાગત યોગ્ય તે સ્ટોર્સ અને અન્ય ખર્ચની માહિતી સંપૂર્ણ ચોકસાઈથી વ્યાજબી માંગણી મૂકવાની રહેશે. સ્ટોર્સની મટીરીયલ કોસ્ટ બાબતે સ્ટોર્સ સાથે સંકલન કરી આ કોલમમાં બજેટ જોગવાઈ ચોકસાઈથી દર્શાવવાની રહેશે. વધુમાં કેપિટલ ખર્ચ / રેવન્યુ ખર્ચમાં માંગણી પેરા નંબર–૨ માં જણાવ્યા મુજબ કરવી. કુલ બજેટમાંથી સ્ટોર્સ ખાતે જે બજેટ રકમનું ખાતા / ઝોન દ્વારા Allocation દર્શાવવામાં આવશે તેમાં સ્ટોર્સ ખર્ચ સિવાયનો અન્ય ખર્ચ ઉધારી શકાશે નહીં જેની ખાસ નોંધ લેવી.

૭. નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના અંદાજપત્રમાં "કમિશ્નરશ્રીની નોંધ" માં આમેજ કરવાજોગ આંકડાકીય / વર્ણનાત્મક ટૂંકી માહિતી જે તે બજેટ સેન્ટર / ઝોન ઓફીસે વિભાગીય વડાશ્રી પાસે એપ્રુવ્ડ કરાવી ઈનપુટ ફોર્મ સાથે મોડામાં મોડી તા. ૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં માહિતી "LMG-Arun" ના ફોન્ટની સાઈઝ–૧૧ માં MS WORD માં જ લાગત ખાતા/ઝોને તૈયાર કરી અચૂક તેની ઓરીજીનલ કોપી મોકલવાની રહેશે. આ ઉપરાંત બજેટ પ્રેઝન્ટેશનમાં WIP કામોની વિગત તેમજ નવા કામોની માહિતી તૈયાર કરી ઈન્ટ્રાનેટ પર FTP:\\10.11.1.2 પર ACCOUNT ના ફોલ્ડરમાં BUDGET 2025-26 & 2026-27 માં ઝોન/ખાતાનું ફોલ્ડર તૈયાર કરી ઝોન/ખાતા વાઈઝ ફોલ્ડરમાં મુકવાના રહેશે. આ સંદર્ભે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના અંદાજપત્ર મંજુરી સમયે બજેટ સમીક્ષા દરમ્યાન મા.કમિશનરશ્રી ધ્વારા સૂચવાયેલ એક કોમન ફોર્મેટમાં જે તે ઝોન/વિભાગ/ખાતાના બજેટ પ્રેઝન્ટેશન (ફરજિયાત "Shruti" ફોન્ટમાં) તૈયાર કરી વર્ણનાત્મક તેમજ આંકડાકીય માહિતીની ચોકસાઈ જે તે વિભાગીય વડાશ્રીઓએ ચકાસણી કરી રજુ કરવાનું રહેશે. વધુમાં, બજેટ પ્રેઝન્ટેશનમાં જે તે પ્રોજેકટના અદ્યતન અને આકર્ષક ફોટોગ્રાફસ રજુ કરવાના રહેશે તેમજ તે સંદર્ભે ફોટોગ્રાફસની નીચે માહિતી બિનચૂક લખવાની રહેશે. મ્યુ.કમિશનરશ્રીની નોંધ, બજેટ પ્રેઝન્ટેશન વિગેરેની એક હાર્ડ કોપી વિભાગીય વડાશ્રીની સહી સાથે હિસાબી ખાતામાં બિનચૂક નિયત સમયમર્યાદામાં રજૂ કરવાની રહેશે. બજેટ પ્રેઝન્ટેશન અંગે કોમન ફોર્મેટ તથા પ્રેઝન્ટેશનમાં આમેજ કરવાજોગ વિગતો સંદર્ભે નીચે સહી કરનાર સાથે પરામર્શમાં વિભાગીય વડાશ્રી (આઈ.એસ.ડી.વિભાગ) ના માર્ગદર્શન હેઠળ આઈ.એસ.ડી.વિભાગે સંકલન કરવાનું રહેશે.

૮. વધુમાં, નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ દરમ્યાન હાથ ધરાનાર નવા પ્રોજેકટ માટે પ્રોજેકટ કોડની માંગણી બજેટ કાર્યવાહી દરમ્યાન જરૂરી જણાય તો કરી લેવાની રહેશે અને તે જ પ્રમાણે નવા બી.સી.એન.ટી.ની માંગણી પણ જરૂર જણાય તો કરી લેવાની રહેશે, પાછળથી બજેટ તૈયાર થઈ ગયા બાદ નવા પ્રોજેકટ કોડ / બી.સી.એન.ટી. વર્ષ દરમ્યાન આપી શકાશે નહી તેની સ્પષ્ટ નોંધ લઈ કાર્યવાહી કરવાની રહેશે.

૯. બજેટની ડેટા એન્ટ્રી અંગે જે મોડયુલ તૈયાર કરેલ છે તેમાં ખાતા/ઝોનની બજેટ સીસ્ટમના પ્રોગ્રામમાં એન્ટ્રી કરવા માટે ઝોન/ખાતાના ડે.એકાઉન્ટન્ટ / આસી.એકાઉન્ટન્ટ / કર્મચારીના યુઝર આઈ.ડી. ક્રીયેટ કરેલ છે (ખાસ સંજોગોમાં કર્મચારીના નવા યુઝર આઈ.ડી. ક્રીયેટ કરવાના હોય તો હિસાબીખાતામાં મળીને નવા યુઝર આઈ.ડી. ક્રિયેટ કરવાના રહેશે.) તેઓએ રેવન્યુ આવક/ ખર્ચ, કેપિટલ આવક/ ખર્ચ, ગ્રાંટ આવક/ ખર્ચ અંગેની ડેટાએન્ટ્રી વર્કમોડયુલ્સ સહિત મોડામાં મોડી તા.૨૧/૧૧/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરી ચેક લીસ્ટની એક નકલ સંપૂર્ણ ચકાસણી કરી/ કરાવી જે તે બજેટ સેન્ટરના વડાની સહી મેળવી હિસાબી ખાતામાં તા.૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં સમય મર્યાદામાં પહોંચતી કરવાની રહેશે. કોમ્પ્યુટર પ્રોગ્રામ મારફતે એન્ટ્રી કરવા

માટે સુરત મહાનગરપાલિકાના ઈન્ટ્રાનેટ પર http:\\10.11.1.9 Home page માં Revised & Estimate Budget Entry માં લોગ ઈન થઈ ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

૧૦. નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૦૨૭ ના આઉટકમ બેઈઝડ બજેટ અંગે જે તે લાગત ખાતાને રૂા.૫૦/– લાખ ઉપરના પ્રોજેકટ અંગે ડેટા એન્ટ્રી જે તે ઝોન/ખાતાના H.O.D./લાગત કર્મચારીના આપેલ પાસવર્ડથી પ્રોજેકટવાઈઝ ડેટા એન્ટ્રી કરી, તેની હાર્ડ કોપી BCNT વડાની સહી મેળવી હિસાબી ખાતાનાં બજેટ વિભાગમાં ફરજીયાત <u>તા.૨૪/૧૧/૨૦૨૫</u> સુધીમાં આપવાની રહેશે.

૧૧. તમામ ઝોન/વિભાગ/ખાતાએ સુરત મહાનગરપાલિકાના વોર્ડ સમિતિની રચના તથા જનકલ્યાણ યોજના હેઠળ Integrated Ward Development Programme (IWDP) અમલમાં મુકવા, મોડલ વોર્ડ યોજના માટે રાજય સરકારના તા.૨૨.૬.૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંક NO K.V. 177-2007 - AMN-8095-2450-P તથા તે અન્વયેના સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં.૧૫૬૮, તા.૩૦.૧૨.૨૦૧૪, સામાન્ય સભા ઠરાવ નં.૫૦૪/૨૦૧૬, તા.૨૮.૦૩.૨૦૧૬ તથા સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક ૯૪/૨૦૨૧, તા.૨૮.૦૬.૨૦૨૧ તથા તે અન્વયેના કમિશનરશ્રીના કચેરી આદેશ નં.સી.ઓ.ઓ./૦૮, તા.૦૯/૦૭/૨૦૨૧ ની બહાર પાડેલ સૂચનાઓને આધીન કુલ ૩૦ ઈલેકશન વોર્ડની રચના બાદ તે અન્વયે વોર્ડ કમિટીની રચના, કાર્યપધ્ધતિ, કાર્યો અને ફરજો બજાવવા સબબેની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઈ મંજુર થયેલ ખર્ચ મુસદ્દા મુજબ જરૂરી જોગવાઈઓ અન્વયે જે તે મ્યુ.સભ્યશ્રી દીઠ વોર્ડ કમિટીના કામો માટેના ઈઅરમાર્ક ફંડ ફાળવવાની કાર્યવાહી પ્રગતિમાં હોય, જે અંગે અલગથી સૂચના બહાર પાડવામાં આવશે. જેથી રીવાઈઝ બજેટ તથા ડ્રાફ્ટ બજેટમાં પ્રોજેકટ કોડ C-174 ખાતે તદાનુસાર તેટલા અંશે ગ્રાંટની જોગવાઈ કરવાની રહેશે નહીં.

૧૨. ડેપ્યુટી મ્યુ.કમિશનરશ્રી અને સી.ઈ.ઓ., સ્માર્ટ સીટીના માર્ગદર્શન હેઠળ સ્માર્ટ સીટી મીશન અંગેની કાર્યવાહી કરવાની રહેશે. સ્માર્ટ સીટી મીશન હેઠળના મંજૂર પ્રોજેકટ કામગીરી બાબતે સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિ. જે ખર્ચ કરવાનો હોય તેનું સુરત મહાનગરપાલિકાનાં બજેટમાં જોગવાઈ કરવાની રહેશે નહી. પરંતુ,

- કન્વર્ઝન હેઠળના જે તે પ્રોજેકટના જે ખર્ચ સુરત મહાનગરપાલિકાના પ્રોજેકટ કોડ C-160 ખાતે ખર્ચ પાડેલ હોય તે સુરત સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લિ. (S.S.C.D.L.) માંથી પરત મેળવી જમા કરાવવાના રહેશે.
- સુરત સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લિમિટેડના ગ્રાન્ટ પ્રોજેકટ જે પ્રોજેકટ પૈકી ૧૦૦% સ્માર્ટ સીટી મિશન અંતર્ગત હેઠળના પ્રોજેકટનું પ્રોવિઝન સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિમિટેડમાં કરવાની અચૂકથી કાળજી લેવાની રહેશે.

૧૩. તમામ ઝોનમાં નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ માં ચાલુ તેમજ નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ માં હાથ ધરાનાર પ્રોજેકટ સંદર્ભે સામેલ પત્રક–અ (ઝોન વાઈઝ પ્રોપર્ટી અંગેનું પત્રક) મુજબની માહિતી બિનચૂક રજુ કરવાની રહેશે.

૧૪. તા.૦૧/૦૭/૨૦૧૭ થી કેન્દ્ર સરકારશ્રી ધ્વારા "ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ" લાગુ પાડવામાં આવેલ હોય જે અન્વયે આ વિષયે હિસાબી ખાતાના જી.એસ.ટી. સેલ ધ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલ GST સંબધિત પરિપત્રો, ઠરાવો તેમજ તે સંદર્ભે સુરત મહાનગરપાલિકાના ઈન્ટ્રાનેટ http://10.11.1.9 ઉપર ડાઉનલોડમાં GST સંબધિત જરૂરી માર્ગદર્શિકા રજુ કરેલ છે તેને આધીન જે તે ઝોન/વિભાગ/ખાતાએ નિશ્ચિત પ્રવૃતિઓનો ખર્ચ જે તે લાગત સંબધિત GLAC, Project Code ખાતે જ પાડવાનો રહેતો હોય તદાનુસાર નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના રીવાઈઝડ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ ના ડ્રાફ્ટ અંદાજપત્રમાં જોગવાઈ કરવાની રહેશે. નિશ્ચિત પ્રવૃત્તિઓનો ખર્ચ જે તે લાગત સંબંધિત GLAC, પ્રોજેકટ કોડ હેઠળ ન કરવા સબબે મુખ્ય અન્વેષકશ્રી ધ્વારા પણ યોગ્ય GLAC માં ખર્ચ ન પાડવા બાબતે સમયાંતરે વાંધા/નિરીક્ષણો રજુ કરેલ છે. જેથી આ બાબતે ચોકકસ પ્રવૃત્તિઓનો ખર્ચ "ચાર્ટ ઓફ એકાઉન્ટ" મુજબ લાગત સંબંધિત GLAC ખાતે પાડવા સબબે જે તે ઝોન/ખાતાએ પૂરતી કાળજી રાખી જોગવાઈ કરવાની રહેશે.

૧૫. રેવન્યુ / કેપિટલ ખર્ચના જે કિસ્સામાં GST લાગુ પડતો હોય તેવા કિસ્સામાં ગ્રાંટ ખર્ચ હેઠળ કરવામાં આવતા ખર્ચ ઉપરાંત End User ના કિસ્સામાં સુરત મહાનગરપાલિકાના GST કન્સલટન્ટશ્રીના અભિપ્રાય મુજબ "GST NOT INPUT TAX CREDIT" હેઠળ બિલો બનાવવાના રહેતા હોય જે અંગે CGST, SGST & IGST ના ખર્ચને માસિક, ત્રિમાસિક તેમજ વાર્ષિક ધોરણે GST CELL મારફત "GST NOT INPUT TAX CREDIT" ને જે તે સંબંધિત ખર્ચ ખાતે તબદીલ કરવામાં આવતા હોય જે ધ્યાને લઈ ઉકત સંબંધિત રેવન્યુ/કેપિટલ ખર્ચમાં તદાનુસાર પૂરતી બજેટ જોગવાઈ કરવાની રહેશે.

૧૬. જે તે પ્રોજેકટની પ્રોજેકટ કોસ્ટ તથા મુદત ધ્યાને લઈ સને ૨૦૨૫–૨૬ ના રીવાઈઝ તથા ૨૦૨૬–૨૭ ના ડ્રાફ્ટ અંદાજપત્રમાં જે તે પ્રોજેકટના થનાર ખર્ચની પૂરેપૂરી જોગવાઈ કરવાની રહેશે. જેથી જે તે પ્રોજેકટના "વર્ક ઈન

પ્રોગ્રેસ" ને કામ પૂર્ણ થતા ફાયનલ બિલ સમયે FIXED ASSET તરીકે તબદીલ કરવાના પ્રસંગે પ્રોજેકટનો તમામ ખર્ચ (તમામ રનીંગ બિલોનો) એક નિશ્ચિત PROJECT CODE-GLAC ખાતે જ પાડી શકાય. ઉપરાંત, સીટી ઈજનેરશ્રીની સૂચના મુજબ જે તે પ્રોજેકટના ડેવલપમેન્ટને લગતી કોસ્ટને પણ પ્રોજેકટ કોસ્ટમાં આવરી લઈ તદાનુસાર ફીક્ષ એસેટ તેમજ ગ્રાંટ અંગેનું યુટીલાઈઝેશન સર્ટીફીકેટ આપવાનું રહેશે.

વધુમાં, ઉક્ત સંદર્ભ–૮ મુજબ પ્રથમ રનીંગ બીલ અને ફાયનલ બીલ GIS સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ હિસાબી ખાતામાં ચુકવણી અર્થે રજુ થાય તે અંગે કાર્યવાહી કરવાની રહેશે. જે અંગેની જવાબદારી જે તે વિભાગીય વડાશ્રી/ખાતાધિકારીશ્રીની રહેશે.

૧૭. સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૦૮૬/૨૦૧૭ તા.૨૪/૦૮/૨૦૧૭ થી મંજુર થયા મુજબ તથા ડેપ્યુટી કમિશ્નરશ્રીના પરિપત્ર નંબર–એકા/એસ.આર./૩૦ તા.૦૮/૦૯/૨૦૧૭ થી સૂચવ્યા મુજબ કેટલાક ખર્ચ અન્વયે GST હેઠળના અનરજીસ્ટર્ડ પાસેથી GST નંબર વગરના બિલો મેળવવા બાબતે GLAC-2498 અન્ય પરચૂરણ ખર્ચ ખાતે પાડવાનો રહેતો હોય, તદાનુસાર નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના રીવાઈઝડ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૬–૨૭ ના ડ્રાફ્ટ અંદાજપત્રમાં જે તે ઝોન/વિભાગ/ખાતાએ જોગવાઈ કરવાની રહેશે.

૧૮. સુરત મહાનગરપાલિકાના સભ્યશ્રીઓને પ્રજાલક્ષી પ્રાથમિક સુવિધાના કામો માટે હાલમાં નાણાંકીય વર્ષ વાઈઝ રૂા.૨૫.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સદર ગ્રાન્ટ બાબતે સભ્યશ્રીઓ ધ્વારા ચોકકસ કામો કરવા માટે તેઓ ધ્વારા લેટરથી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. તથા તે બાબતે સંબંધિત ઝોન/વિભાગ ધ્વારા પત્ર લખી અત્રેના મુખ્ય હિસાબી વિભાગ પાસેથી ગ્રાન્ટ જમા હોવા બાબતના અભિપ્રાયની માંગણી કરવામાં આવે છે. તથા તેટલી રકમની ગ્રાન્ટ ચોકકસ કામ માટે ફાળવી દેવામાં આવે છે. સદર હકીકતે કેટલાક કિસ્સાઓમાં ગ્રાન્ટની ફાળવણી કર્યા બાદ નિશ્ચિત કામ માટે પૂરેપૂરી ફાળવેલી ગ્રાન્ટ ન વપરાતા કેટલીક ગ્રાન્ટ બચત પડી રહે છે. જે બાબતે સંબંધિત સભ્યશ્રી ધ્વારા વારંવાર પરત તેઓના ખાતામાં જમા કરવા રજુઆત કરવામાં આવે છે. તથા તે ગ્રાન્ટ સંબંધિત સભ્યશ્રીના ખાતે પરત જમા કરવા જોગ જણાય છે. આવા કિસ્સાઓમાં સંબંધિત ઝોન/વિભાગ ધ્વારા ફાઈનલ બીલ પૂર્ણ થયા બાદ જો ગ્રાન્ટ વણવપરાયેલ હોય તો જે–તે કામના ફાઈનલ બીલ પૂર્ણ થયા અંગેના પુરાવા તથા વર્કઓર્ડરની વિગત સહિત મુખ્ય હિસાબી વિભાગમાં પત્રવ્યવહાર કરી વર્ક ઓર્ડર વાઈઝ પરત જમા કરાવવાની કાર્યવાહી કરાવવાની રહેશે.

૧૯. તમામ ઝોન/ખાતા/વિભાગે બજેટ મોડયુલમાં ડેટા એન્ટ્રી કરતી વખતે તમામ કામોની વિગતવાર એન્ટ્રી (દા.ત.પુર્ણ થયેલ કામ, ચાલુ કામ, નવું કામ) ફરજીયાત કરવાની રહેશે. વધુમાં રેવન્યુ તેમજ કેપિટલ કામોની નિયત નમુનામાં પત્રકો બનાવી ખાતાના વડાશ્રીઓની સહી કરાવી મુખ્ય હિસાબી વિભાગમાં તા.૧૭/૧૧/૨૦૨૫ સુધીમાં રજૂ કરવાના રહેશે. તેમજ તેની સોફ્ટ કોપી <u>ઈન્ટ્રાનેટ પર FTP:\\10.11.1.2 પર ACCOUNT ના ફોલ્ડરમાં BUDGET 2025-26 & 2026-27/ Work Wise Budget Details માં ઝોન/ ખાતાનું ફોલ્ડર તૈયાર કરી ઝોન/ખાતા વાઈઝ ફોલ્ડરમાં મુકવાના રહેશે.</u>

ઉપરના તમામ મુદ્દાઓ સહિત પરિપત્રનો ચુસ્તપણે અમલ થાય તે અંગે દરેક ઝોન/ખાતાના કાર્યપાલક ઈજનેરશ્રી/અધિકારીશ્રીઓએ તકેદારી રાખવી અને માહિતી નિયત સમયમર્યાદામાં મોકલવા પ્રબંધ કરવો.

નં.એકા./સી.આઈ.આર./૨૨
તારીખ :–૦૭/૧૧/૨૦૨૫

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

ન.સ.ર. :– તમામ વિભાગીય વડા અધિકારીશ્રીઓ, મુખ્ય અન્વેષકશ્રી, ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રી, ડીનશ્રી (સ્મીમેર), ઈ.ચા.મેડીકલ સુપ્રિ.શ્રી (સ્મીમેર) અને ઝોનલ ચીફશ્રીઓ પ્રતિ.....જાણ તથા તાકીદે અમલ કરાવવા માટે.

ન.ર. :– તમામ આસી.કમિશ્નરશ્રીઓ પ્રતિ...જાણ તથા તાકીદે અમલ કરાવવા માટે.

ન. ર. :– તમામ ખાતાના વડાશ્રીઓ અને એકઝીકયુટીવ એન્જીનિયર્સશ્રીઓ પ્રતિ.....જાણ તથા તાકીદે અમલ માટે.

ન.ર. :– પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ/આરોગ્ય મહેકમ વિભાગ પ્રતિ...જાણ તથા અમલ માટે.

ન. ર. :– તમામ એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરશ્રીઓ, ડે.એકાઉન્ટન્ટશ્રીઓ અને આસી.એકાઉન્ટન્ટશ્રીઓ પ્રતિ.....જાણ તથા તાકીદે અમલ માટે.

સંદર્ભ:-(૧) પરિપત્ર નં: એકા./સી.આઈ.આર./૧૭ તા. ૨૨/૧૨/૨૦૨૧

(૨) પરિપત્ર નં: એકા./સી.આઈ.આર./૨૩ તા. ૦૪/૧૨/૨૦૨૪

પરિપત્ર

સુરત મહાનગરપાલિકાના કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓ માટે સામાન્ય સભાના ઠરાવ નં ૧૫૮ તારીખ:૧૧/૧૧/૧૯૯૨ મુજબ તારીખ:૨૦/૦૧/૧૯૯૪ થી ભારતીય જીવન વીમા નિગમની "ગ્રુપ સેવિંગ્સ લીંકડ ઈન્સ્યોરન્સ સ્કીમ(GSLIS) "માસ્ટર પોલીસી નંબર: ૬૪૯૧૧૪ લાગુ પાડવામાં આવેલ છે.

(૧) સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓને હિસાબી ખાતાનાં GSLIS વિભાગ દ્વારા હિસાબી વર્ષ દરમ્યાન થયેલ પ્રિમિયમ તેમજ સેવીંગની કપાત, જેવી બાબતો અંગે માહિતગાર કરવા માટે નવેમ્બર પેઈડ ઈન ડિસેમ્બર એટલે કે જે તે હિસાબી વર્ષના અંતે GSLISની વાર્ષિક સ્લીપ આપવામાં આવે છે. જે અંગે તમામ ખાતા/ઝોન પોતાના ખાતા/ઝોનને લાગત કર્મચારીશ્રી/અધિકારીશ્રીની GSLIS ની વાર્ષિક સ્લીપ નીચે મુજબની પધ્ધતિથી **A4 Paper** ઉપર પ્રિન્ટ કરીને લાગત કર્મચારીને બિનચુક આપવાની રહેશે.

- Employee Pay Commission (7th Pay)
  http://10.11.1.9/EmpPayComm/Login.aspx Login
- Report
- GSLIS Slip
- Generate Reports
- View on download folder
- Print

(૨) હિસાબી ખાતામાંથી જી.એસ.આઈ.એલ.એસ.ની વાર્ષિક સ્લીપ પ્રિન્ટ કરી આપવામાં આવશે નહી.

(3) ખાતા/ઝોન મારફતે જી.એસ.એલ.આઈ.એસ.ની સ્લીપની ચકાસણી કરવાની રહેશે અને જો કોઈ ભૂલ જણાય તો દિન-૫ માં ઝોન/ખાતા દ્વારા જ હિસાબી ખાતાનો સંપર્ક કરવાનો રહેશે. જે કર્મચારીને સ્લીપમાં ભુલ જણાતી હોય તે કર્મચારીને રૂબરૂ હિસાબી ખાતામાં મોકલવાના રહેશે નહી.

(૪) દરેક કર્મચારી **"Employee Connect App"** પોતાની જી.એસ.એલ.આઈ.એસ.ની સ્લીપ **View** કરી શકશે.

(૫) ઉપરોકત બાબતે બિનચુક અમલ થાય તે બાબતે આસી. કમિશ્નરશ્રી/ખાતાઅધિકારીશ્રીએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

આ બાબતે સંપૂર્ણ જવાબદારી સંબધિત ખાતા/ઝોનની રહેશે.

ડે .કમિશ્નર

સુરત મહાનગર પાલિકા

નં/એકા./સી.આઈ.આર./૨૩

તા. ૦૪/૧૨/૨૦૨૫

ન.સા.૨હુ :– (૦૧) મે.મ્યુનિ.કમિશનરશ્રી પ્રતિ....જાણ માટે.

ન.સા.૨. :– (૦૧) તમામ વિભાગીય વડાશ્રીઓ, મ્યુ.ચીફ ઓડિટરશ્રી, મ્યુ.સેક્રેટરીશ્રી, તમામ ઝોનલ ચીફશ્રી, ડીનશ્રી (સ્મીમેર) પ્રતિ.....જાણ તથા અમલ કરાવવા માટે.

ન.સ.૨. :– (૦૧) તમામ આસી. કમિશનરશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.
(૦૨) તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ/ખાતાધિકારીશ્રીઓ પ્રતિ... જાણ તથા અમલ કરાવવા માટે.

ન.૨. :– (૦૧) તમામ પર્સોનેલ ઓફિસરશ્રીઓ પ્રતિ..... જાણ તથા અમલ માટે.
(૦૨) તમામ સેકશન ઓફિસરશ્રીઓ પ્રતિ ..... જાણ તથા અમલ માટે.

ખૂબજ અગત્યનું
સમય મર્યાદા

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ઈન્કમટેક્ષના હેતુ માટે ખરેખર કરેલ રોકાણના ફોર્મ ભરવા બાબત.

સંદર્ભ : (૧)પરિપત્ર નં.એકા/સી.આઈ.આર./૨૯, તા.૦૫/૦૩/૨૦૨૫ (પ્રપોઝ ઈન્વેસ્ટમેન્ટ બાબત)

પરિપત્ર

(૧) સુરત મહાનગરપાલિકાના તમામ ખાતાના વડાશ્રી / અધિકારીશ્રી / કર્મચારીઓને સંદર્ભ–૧ માં જણાવેલ પરિપત્ર બાબતે ધ્યાનદોરી જણાવવાનું કે **નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે** તમામ અધિકારી / કર્મચારીના પગારમાંથી AT SOURCE ઈન્કમટેક્ષની કપાત કરવા માટે હિસાબીખાતા તરફથી સંભવિત રોકાણ અંગેના (PROPOSED INVESTMENT) ફોર્મ બહાર પાડવામાં આવેલ હતા, જેમાં નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ના વર્ષ દરમ્યાન ઈન્કમટેક્ષના હેતુ માટે પગારમાંથી થતી કપાત સિવાય બહારથી રોકાણ કરવા માંગતા હોય તેની વિગતો આપવામાં આવી હતી.

(૨) **જે કર્મચારીઓએ વિકલ્પ – A સ્વીકારેલ છે અને** પ્રપોઝડ ફોર્મ ભર્યા છે તેવા કર્મચારીઓએ ખરેખર કરેલ રોકાણ અંગેની માહિતી ગુજરાતીમાં છાપેલ ઈનપુટ ડેટા ફોર્મમાં દર્શાવવાની રહેશે. સદરહુ પરિપત્ર ***http://10.11.1.9*** **પર *IMP* CIRCULARS** મૂકેલ છે. તથા ગુજરાતીમાં છાપેલ ઈનપુટ ફોર્મની પ્રિન્ટ ફાઈલ **http://10.11.1.9 માં EMPLOYEE PAY COMMISION (7TH PAY) માં લોગીન કરી Report માં IT Declaration Report** માં જરૂરિયાત મુજબ દરેક ઝોન અને ખાતાના એસ્ટાબ્લીશમેન્ટ ક્લાર્ક તમામ કર્મચારીઓના ખરેખર રોકાણના ફોર્મ Pdf ફોરમેટમાં ZPCNT મુજબ Generate કરી દરેક કર્મચારીને ફરજિયાત આપવાના રહેશે. **જેકર્મચારીઓએ વિકલ્પ – B સ્વીકારેલ છે તેમના ખરેખર રોકાણના ફોર્મ જનરેટ થશે નહી.**

(૩) દરેક કર્મચારીઓનાં પગારમાંથી ઈન્કમટેક્ષમાંથી બાદ મળતી કપાત સિવાય બહારથી રોકાણ કરેલ જે ઈન્કમટેક્ષ માન્ય કલમ હેઠળ રોકાણો માન્ય રાખવા જોગ છે. જેની ચકાસણીનાં મુદ્દાઓનું પત્રક આ સાથે સામેલ છે.

(૪) દરેક ઝોન અને ખાતાએ કર્મચારીનાં ખરેખર રોકાણોનાં મળેલ ફોર્મની ZPCNT/EMPLOYEE NO.WISE સૌ પ્રથમ ગોઠવણી કરવાની રહેશે અને દરેક ખાતા/ઝોને ઈન્કમટેક્ષ રૂલ્સ નિયમ–૬–એફ (Presentation of Accounting Records) અન્વયે **છેલ્લા ૬ (છ) નાણાંકીય વર્ષનાં રેકર્ડ જાળવવાના રહેશે** અને ત્યારબાદ તે અગાઉનાં નાણાંકીય વર્ષનાં રેકર્ડ, દરેક હેડ ઓફિસનાં ખાતાએ મુખ્ય ઓફિસનાં રેકર્ડ વિભાગમાં જમા કરાવવા, જયારે દરેક ઝોને, ઝોનનાં રેકર્ડ વિભાગમાં જમા કરાવવાના રહેશે.

(૫) દરેક ઝોન અને ખાતાએ તેમનાં કર્મચારીઓએ નિયત ફોર્મમાં રજુ કરેલ ઈન્કમટેક્ષ રોકાણોનાં પુરાવાઓની સંપુર્ણ ચકાસણી પ્રથમ પુર્ણ કરવાની રહેશે. ત્યારબાદ ખરેખર કરેલ રોકાણોની ફોર્મમા જણાવ્યા મુજબની ડેટા એન્ટ્રી પ્રોગ્રામમાં કરવાની રહેશે તથા તેનાં ચેકલીસ્ટની સંપુર્ણ ચકાસણી કર્યાની/કરી સંપુર્ણ કામગીરી નીચે જણાવ્યા મુજબની વિગતોને આધિન કરવાની રહેશે.

(અ) નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬માં કરેલ ખરેખર રોકાણોની **પ્રથમ તબક્કાની** માહિતી જે–તે કર્મચારીની તેમના ઝોન અને ખાતાએ મંગાવી તેની ડેટા એન્ટ્રી અને ચેકલીસ્ટની ચકાસણીની કામગીરી **તા.૨૭/૦૧/૨૦૨૬** સુધીમાં પુર્ણ કરી દેવાની રહેશે.અન્યથા ઝોન અને ખાતા તરફથી ત્યારબાદ ડેટા એન્ટ્રી કોમ્પ્યુટર પ્રોગ્રામમાં થશે નહી, તે ધ્યાને રાખવું.

(બ) નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ની કરેલ ખરેખર રોકાણોની **બીજા તબક્કાની** માહિતી તા.૧૬/૦૨/૨૦૨૬ સુધીમાં મંગાવી તેની ડેટા એન્ટ્રી અને ચેકલીસ્ટની ચકાસણીની કામગીરી **તા.૨૩/૦૨/૨૦૨૬** સુધીમાં પુર્ણ કરી દેવાની રહેશે.અન્યથા ઝોન અને ખાતા તરફથી ત્યારબાદ ડેટા એન્ટ્રી કોમ્પ્યુટર પ્રોગ્રામમાં થશે નહી તે ધ્યાને રાખવું.

(ક) નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬માટે માર્ચ પેઈડ ઈન એપ્રિલ–૨૫ થી ફેબ્રુઆરી પેઈડ ઈન માર્ચ–૨૬ ના માસનો પગાર ગણતરીમાં લેવાતો હોય તા.૧૬/૦૨/૨૦૨૬ થી તા.૩૧/૦૩/૨૦૨૬ ની ખરેખર રોકાણોની માહિતી કર્મચારીએ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતે ત્યારે તેમાં દર્શાવવાની રહેશે.

(૬) કોમ્પ્યુટર પ્રોગ્રામ મારફતે Confirmation તા.૨૮/૦૧/૨૦૨૬ તથા તા.૨૫/૦૨/૨૦૨૬ નાં રોજ આપવા બાબત.

➢ Pay Roll –– Transaction –– Confirmtion by Department –– Pay Year -2026– Pay Month 01/02 Module માં 5 Type કરવું જેનાથી બાજુમાં Investment દર્શાવાશે. –– Confirm પર ક્લીક કરવું. –– Confirm થવા બાબતનો મેસેજ Display થશે. **જે ખાતા અને ઝોન તરફથી નિયત તારીખે Confirmation આપવામાં ન આવશે તેને કારણે ઝોન અને ખાતાનું Actual Investment ગણતરીમાં લેવાશે નહી જે અંગે સઘળી જવાબદારી ઝોન અને ખાતાની રહેશે.**

આમ ઉપર મુજબ જે કર્મચારી / અધિકારીઓએ પ્રપોઝ ઈન્વેસ્ટમેન્ટમાં વિકલ્પ–B સ્વીકારેલ છે તેમનું ખરેખર રોકાણનું ફોર્મ જનરેટ થશે નહીં તેમજ જે કર્મચારી / અધિકારીઓએ વિકલ્પ–A સ્વીકારેલ છે તેમને ખરેખર રોકાણનાં પુરાવા આપવાનાં રહેશે જેની રોકાણની એન્ટ્રી કરી શકાશે.

(૭) જે કર્મચારીઓના પાન નંબર નથી તેમને રૂા.૨,૫૦,૦૦૦/–સુધીની કરમુકતી મર્યાદા અને **U/S 87A** હેઠળ આવકવેરા રિબેટની રાહત અને સ્ટાન્ડર્ડ ડીડકશનનો લાભ મળશે નહીં. તેમજ ઉંચા દરે TDS ની કપાત કરવામાં આવશે.

(૮) **જે કર્મચારીઓનાં પાનકાર્ડ અને આધારકાર્ડ લિંક નથી તેવા કર્મચારીઓનાં પગારમાંથી નિયત કરાયેલ સામાન્ય દરે અથવા ૨૦% ના દરે , બે માંથી જે વધારે થતો હોય તેને આધારે TDSની કપાત કરવામાં આવશે તેમજ ભવિષ્યમાં સદર બાબતે કોઈ પણ વ્યાજ કે પેનલ્ટી ભરવાની થશે તેની સંપૂર્ણ જવાબદારી લાગત કર્મચારીની રહેશે.**

(૯) આ ઈનપુટ ફોર્મ ભરતા પહેલા નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાનમાં લેવી.

1) Finance Act મુજબ શીડ્યુલ બેંકમાં મૂકવામાં આવેલ ટર્મ ડિપોઝીટની વ્યાજની આવક ઈન્કમ ટેક્ષને પાત્ર હોય કલમ 80C હેઠળ કરેલ રોકાણમાં શીડ્યુલ બેંકમાં મૂકવામાં આવેલ પાંચ વર્ષથી વધુ સમયની હોય તેવી ફિક્સ ડિપોઝીટની માહિતી આપવાની રહેતી નથી.

2) જીવન વિમા પ્રિમીયમની નકલ બીડવી અને બેથી વધુ પોલીસીની પ્રિમીયમ રસીદ હોય તો પત્રક નમૂનો –૧ ભરી સાથે સામેલ કરવી.

3) U/S 24 મુજબ હાઉસ બિલ્ડીંગ લોનનું વ્યાજ બાદ મેળવવા જે અધિકારી અને કર્મચારીઓએ સુરત મહાનગરપાલિકા સિવાય અન્ય નાણાંકીય સંસ્થા જેવી કે (H.D.F.C., B.O.B, L.I.C. વગેરે) માંથી લોન લીધેલ અને સેલેરીમાંથી હપ્તો કપાત થયેલ હોય તો પણ, તેઓએ મુદ્દલ અને વ્યાજની રકમની માહિતી ઈનપુટ ફોર્મમાં સંસ્થાનાં લોન અંગેના પ્રમાણપત્રની વિગતોને આધિન રજુ કરવી. આવા પ્રમાણપત્રને બદલે ખાતાનો ઉતારો રજુ કરેલ હશે તો તેવા પુરાવાને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. આ વ્યાજની રકમ ફાઈનાન્સ એકટમાં જણાવ્યા મુજબ તા.૧લી એપ્રિલ–૧૯૯૯ કે ત્યારબાદ લેવામાં આવેલ હાઉસીંગ લોન સંદર્ભમાં રૂા.૨,૦૦,૦૦૦/– મહત્તમ બાદ મળવાપાત્ર છે. ઈનપુટ ફોર્મમાં લોન મંજુર થયા તારીખ ફરજીયાત દર્શાવવાની રહેશે. (પત્રક નમુના નં.૩ ભરવાનો રહેશે).

તથા કર્મચારી દ્વારા આવુ રહેઠાણ તા.૧લી એપ્રિલ ૨૦૨૬ પહેલા ખરીદ કરશે કે બાંધકામ પુરૂ કરશે તો જ ઉપરોકત જોગવાઈનો લાભ મળશે. અલબત એ હેતુસર એવી શરત કરવામાં આવી છે કે, જે નાણાંકીય વર્ષ દરમ્યાન હાઉસીંગ લોન લેવામાં આવી હોય, તેના અંતથી પાંચ વર્ષના સમયગાળામાં મકાનનું બાંધકામ પૂર્ણ થયુ હોવુ જોઈએ. જે અંગે સબંધિત અધિકારી અને કર્મચારીએ લેખિતમાં જે તે સંસ્થા પાસે લોન લીધી હોય તેનુ સર્ટીફીકેટ તથા બાંધકામ કે ખરીદી નિયત કરેલ તારીખ પહેલા પુર્ણ કરવામાં આવશે તે બાબતની બાંહેધરી પત્રક પોતાના ખાતાના વડા દ્વારા ઝોન અને ખાતામાં ઈનપુટ ફોર્મ સાથે રજુ કરવા, આવા બાંહેધરી પત્રક વિના ઉપરોકત જોગવાઈનો લાભ મળશે નહી

૧	કર્મચારીના નામ પર એક કરતા વધારે મકાન હોય તો	જો કર્મચારી પોતાના નામ પર એક કરતાં વધારે મકાનની માલિકી ધરાવતો હોય, અને એક કરતાં વધારે હાઉસીંગ લોન લીધેલ હશે તો તેવા સંજોગોમાં વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાતું હોય તેવા કોઈપણ અંગત રહેઠાણ માટેના બે મકાનો પરની હાઉસીંગ લોનનું મળવાપાત્ર વ્યાજ અને મુદ્દલ રકમ બાદ મળશે.
૨	કર્મચારીએ પોતાની માલિકીના એક કરતા વધારે મકાન ઉપર માળ બાંધવા, સમારકામ કે રીનોવેશન કરવા એક થી વધુ હાઉસીંગ લોન લીધી હોય તો	જો કર્મચારી પોતાના નામ પર એક કરતાં વધારે મકાનની માલિકી ધરાવતો હોય અને એક કરતાં વધારે હાઉસીંગ લોન લીધેલ હોય તો તેવા સંજોગોમાં વાર્ષિક મૂલ્ય શૂન્ય ગણાતું હોય તેવા કોઈપણ બે મકાનો ઉપર માળ બાંધવા કે સમારકામ કે રીનોવેશન કરવા માટેની હાઉસીંગ લોનનું વ્યાજ અને મુદ્દલ રકમ બાદ મળવા પાત્ર રહેશે.
૩	કર્મચારીએ સંયુકત નામથી હાઉસીંગ લોન લીધેલ હોય તો	• જો કર્મચારીએ પોતાના મકાન ઉપર સંયુકત હાઉસીંગ લોન લીધેલ હોય અને તે મકાનના દસ્તાવેજમાં તે કર્મચારીનું નામ હોય તો જ તેને તે હાઉસીંગ લોનનું વ્યાજ અને મુદ્દલ રકમ બાદ મળવા પાત્ર રહેશે. (દા.ત. કર્મચારીએ ફકત પત્નીના નામથી મકાન લીધેલ હોય અને પોતાની આવકના આધારે સંયુકત હાઉસીંગ લોન લીધેલ હોય તો તેવા સંજોગોમાં તે હાઉસીંગ લોનનું વ્યાજ અને મુદ્દલ રકમ બાદ મળવા પાત્ર રહેશે નહી.) • જો કર્મચારીએ સંયુકત નામના (પતિ–પત્ની) મકાન ઉપર સંયુકત હાઉસીંગ લોન લીધેલ હોય તો તેવા સંજોગોમાં પોતાના હિસ્સા મુજબનું બાંહેધરી પત્રક પોતાની જવાબદારીએ આપવાનું રહેશે તો જ તેને તે હિસ્સા પ્રમાણે હાઉસીંગ લોન નું વ્યાજ અને મુદ્દલ રકમ બાદ મળવા પાત્ર રહેશે.

(૧૦) U/S 80C હેઠળના રોકાણની મર્યાદા અન્વયે ટ્યુશન ફી (ફકત બે જ બાળક માટે) ની મહત્તમ રકમ રૂા.૧,૫૦,૦૦૦/– સુધી માન્ય ગણાશે. જે માટે ફી ની રસીદની ફોટોસ્ટેટ કોપી પત્રક નમૂના નં.૨ બાળક દીઠ અવશ્ય ભરવાનાં રહેશે.

(૧૧) U/S 80C સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ સ્કીમ હેઠળ રૂા.૧,૫૦,૦૦૦/– સુધીનું રોકાણની મર્યાદા સુધી બાદ મળશે. જેની ડેટા એન્ટ્રી ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામમાં ગ્રૂપ –૨ ના સબ ગ્રૂપ –૧૮ પર કરવાની રહેશે.

(૧૨) U/S 80CCD(1B) TIER-1 માં પગાર સિવાય બહારથી કરેલ રોકાણ મહત્તમ રૂા. ૫૦,૦૦૦/– સુધી બાદ મળશે. જેની ડેટા એન્ટ્રી ગ્રુપ ૧ માં સબગ્રુપ ૧૦ માં કરવાની રહેશે.

(૧૩) U/S 80C, 80CCC, તથા 80CCD(1) (NPS) માં કરેલ રોકાણ રૂા. ૧,૫૦,૦૦૦/– સુધી તથા 80CCD(1B) TIER-1 માં કરેલ રોકાણ સંદર્ભમાં વધારાના રૂા. ૫૦,૦૦૦/– રોકાણનો લાભ મળી શકે છે. આમ, આ ઉપરોકત કલમો હેઠળ રૂા. ૨,૦૦,૦૦૦/– સુધીની કપાતનો લાભ મળી શકશે.

(૧૪) દરેક કર્મચારીએ 'ઈનપુટ ફોર્મ' માં ઈન્કમટેક્ષ ખાતાનો પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) અવશ્ય લખવાનો રહેશે.

કર્મચારી અને અધિકારીશ્રીએ તેમની તમામ પ્રકારની આવક અને કપાત ગણતરીમા લઈ જરૂરી ઈન્કમટેક્ષ ભરી, ઈન્કમટેક્ષ ખાતામાં પોતાનું Individual રિટર્ન અલગથી ફાઈલ કરી નિયત સમય મર્યાદામાં ભરવાનું રહેશે.

આ પરિપત્રની જાણ આપના તાબા હેઠળના દરેક અધિકારી અને કર્મચારીઓને કરી તેનો ચુસ્તપણે અમલ કરાવવા વિનંતી.

નં.એકા./સી.આઈ.આર./૨૪
તારીખ :૧૬/૧૨/૨૦૨૫

ડે. મ્યુનિ.કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સાદર રજૂ :- મે.મ્યુ. કમિશ્નરશ્રી પ્રતિ..... જાણ માટે.
નકલ સ.રવાના :- તમામ વિભાગીય વડાશ્રીઓ, ઝોનલ ચીફશ્રી, મ્યુનિસિપલ ચીફ ઓડીટરશ્રી, સેક્રેટરીશ્રી અને ડીનશ્રી(સ્મીમેર) પ્રતિ..... જાણ માટે.
નકલ રવાના :- તમામ ખાતાના વડાશ્રીઓ અને એકઝીકયુટીવ એન્જિ.શ્રી પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.
નકલ રવાના :- તમામ ડેપ્યુટી એકાઉન્ટન્ટશ્રી અને પર્સોનલ ઓફિસરશ્રી પ્રતિ..... જાણ તથા અમલ માટે.
નકલ રવાના :- તમામ આસી. એકાઉન્ટન્ટશ્રી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ..... જાણ તથા અમલ માટે.

પત્રકનો નમૂનો – ૧

ખાતાનું નામ :	કર્મચારી નં.
યે સેન્ટર નંબર :	એલ.આઈ.સી. પોલીસીની ભરેલ પ્રિમીયમનુ પત્રક

અ. નં.	પોલીસી નંબર	પ્રિમીયમનો પ્રકાર માસિક/ત્રિમાસિક/ છમાસિક/વાર્ષિક	પ્રિમીયમ ભર્યા તારીખ	પ્રિમીયમની રકમ રૂા.	ભરેલ પ્રિમીયમની રકમ રૂા.	
					પ્રિમીયમની રકમ	વ્યાજ

કુલ રૂપિયા.....
કર્મચારીની સહી.....

બીજા તબક્કાની ડેટા એન્ટ્રી દરમિયાન જે કર્મચારી પ્રથમ તબક્કા દરમિયાન જે રોકાણમાં ડેટા એન્ટ્રી કરવામાં આવેલ હોય અને બીજા તબક્કામાં ફરી તેમા એન્ટ્રી કરવી હોય તો અગાઉના રોકાણમાં તેટલી રકમ ઉમેરી ડેટા એન્ટ્રી સુધારવાની રહેશે. દા.ત. એલ.આઈ.પી. પ્રથમ તબક્કામાં (જાન્યુ.–૨૦૨૬) રૂા.૧૦૦ ના પ્રીમીયમની ડેટા એન્ટ્રી કરી હોય અને બીજા તબક્કામાં (ફેબ્રુઆરી–૨૦૨૬) રૂા.૨૦૦/– ની ડેટા એન્ટ્રી કરવી હોય તો કુલ રૂા.૩૦૦/–ની ડેટા એન્ટ્રી કરવી.

પત્રકનો નમૂનો–૨

કર્મચારીનું નામ :	કર્મચારી નંબર :
બાળકનું નામ :	ધોરણ :
શૈક્ષણિક સંસ્થાનું નામ : શૈક્ષણિક સંસ્થાનું સરનામું :	

તારીખ	રસીદ નંબર	ચૂકવેલ ફીની વિગત	ચૂકવેલ ટ્યુશન ફી ની રકમ રૂા.	U/s. 80 C હેઠળ માન્ય રકમ

બાંહેધરી

આથી હું બાંહેધરી આપુ છુ કે, ઉપરોકત મારા /મારી પુત્ર/પુત્રી ..... ની ટ્યુશન ફી ઈન્કમટેક્ષ એકટની કલમ–૮૦–સી હેઠળ માન્ય છે. જો તે બાબતે ઈન્કમટેક્ષ ખાતા તરફથી કોઈ વાંધો ઉપસ્થિત કરવામાં આવશે અને ઈન્કમટેક્ષ બાબતે જો કોઈ જવાબદારી ઉપસ્થિત થશે તે મારી પોતાની રહેશે અને ઈન્કમટેક્ષ એકટ હેઠળ ઈન્કમટેક્ષ, દંડ, વ્યાજ વિગેરે ભરપાઈ કરવાનું રહેશે તે હું ભરપાઈ કરીશ.

કર્મચારીની સહી / કર્મચારી નંબર

પત્રકનો નમૂનો–૩

બાંહેધરી પત્રક

આથી હું નીચે સહી કરનાર શ્રી..... કર્મચારી નંબર ....., રહેવાસી ....., સુરત આ સાથે સામેલ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ ના હાઉસીંગ લોનના સર્ટીફીકેટમાં જણાવેલ મકાનના દસ્તાવેજમાં મારુ નામ પણ છે તેની હું બાહેંધરી આપુ છુ અને તે જ મકાનની હાઉસીંગ લોનનું વ્યાજ (u/s 24 (b)) અને મુદ્દલ રકમ (u/s 80C) ઈન્કમ ટેક્ષ એકટ હેઠળ બાદ મળવાપાત્ર છે તેની મને જાણ છે. જો તે બાબતે પાછળથી ઈન્કમટેક્ષ વિભાગ તરફથી કોઈ વાંધો ઉપસ્થિત કરવામાં આવે અને ઈન્કમટેક્ષ ભરવા બાબતે જો કોઈ જવાબદારી ઉપસ્થિત થાય અને ઈન્કમટેક્ષ એકટ હેઠળ જો કોઈ ટેક્ષ, દંડ, વ્યાજ વિગેરે ભરપાઈ કરવાનું આવે તો તે સઘળી રકમ ભરપાઈ કરવાની જવાબદારી મારી રહેશે.

કર્મચારીની સહી / કર્મચારી નંબર

અત્યંત તાકીદનું

પરિપત્ર

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ પૂર્ણ થનાર હોય મેળવવા જોગ ગ્રાન્ટ જેવી કે JNNURM, SWARNIM, PMAY, AMRUT, AMRUT-2.0, SBM, SBM-2.0 SMART CITY, તાપી શુધ્ધીકરણ, ૧૪મું નાણાંપંચ, ૧૫મું નાણાંપંચ, તેમજ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી મળતી અન્ય ગ્રાન્ટ મેળવવા અગ્રિમતાના ધોરણે કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ પૂર્ણ થનાર હોય બિલ ચુકવણીની કાર્યવાહી સરળતા પૂર્વક કરી શકાય તે હેતુથી **રેવેન્યુ ખર્ચના તમામ બિલો (UTILITY સિવાયના) તા.** ૨૭/૦૨/૨૦૨૬ **પહેલા મધ્યસ્થ હિસાબી ખાતામાં મોકલી આપવાના રહેશે.**

કેપીટલ ખર્ચના બિલો નીચે જણાવેલ તારીખ સુધીમાં મોકલવાના રહેશે.

ક્રમ	કેપીટલ ખર્ચના બિલોની રકમ	નીચે મુજબની તારીખ સુધીમાં બિલો મોકલવાના રહેશે.
૧	રૂા. ૫,૦૦,૦૦૦/– સુધીના બિલો	તા. ૨૭/૦૨/૨૦૨૬
૨	રૂા. ૫,૦૦,૦૦૧/– થી રૂા. ૫૦,૦૦,૦૦૦/– સુધીના બિલો	તા.૦૬/૦૩/૨૦૨૬
૩	રૂા. ૫૦,૦૦,૦૦૧/– થી રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/– સુધીના બિલો	તા.૧૭/૦૩/૨૦૨૬
૪	રૂા. ૧,૦૦,૦૦,૦૦૧/– થી વધુના બિલો	તા.૨૪/૦૩/૨૦૨૬

- **કેન્દ્ર સરકારશ્રી અને રાજય સરકારશ્રી તરફથી SNA SPARSH અને PFMS પોર્ટલ મારફત ફાળવવામાં આવતી તમામ ગ્રાન્ટને લાગત બીલો તા.૧૦/૦૩/૨૦૨૬ પહેલા મધ્યસ્થ હિસાબી ખાતામાં મોકલી આપવાના રહેશે.**
- **કોમ્યુનીટી હોલ, પાર્ટી પ્લોટ તથા ઓડીટોરીયમ રીફંડના તમામ બીલો તા.૧૭/૦૩/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાના રહેશે.**
- કોન્ટ્રાકટ બેઈઝ સીવીલ સર્વેયર, ડેઈલી વેજીસ તથા જે કિસ્સામાં સમયમર્યાદામાં પેમેન્ટ કરવાના હોય જેવા કે UTILITY બિલો વિગેરે તા.૨૬/૦૩/૨૦૨૬ ના રોજ પેમેન્ટ માટે ખાતાના સંબંધીત કર્મચારીને હાથોહાથ મોકલી પેમેન્ટની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપર જણાવ્યા મુજબ પરિપત્રનો અમલ કરવા/કરાવવા આથી સુચના આપવામાં આવે છે.

ડે.મ્યુનિ.કમિશનર
સુરત મહાનગરપાલિકા

નં.એકા.સી.આઈ.આર./૨૫૮
તા. ૧૧/૦૨/૨૦૨૬

નકલ સાદર રજુ :- મે.મ્યુ. કમિશનરશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ સ.રવાના :- તમામ વિભાગીય વડાશ્રીઓ, ઝોનલ ચીફશ્રી, મ્યુનિસિપલ ચીફ ઓડીટરશ્રી, સેક્રેટરીશ્રી અને ડીનશ્રી(સ્મીમેર) પ્રતિ..... જાણ માટે.

નકલ રવાના :- તમામ ખાતાના વડાશ્રીઓ અને એકઝીકયુટીવ એન્જિ.શ્રી પ્રતિ..... જાણ તથા અમલ કરાવવા માટે.

નકલ રવાના :- તમામ ડેપ્યુટી એકાઉન્ટન્ટશ્રી અને પર્સોનલ ઓફિસરશ્રી પ્રતિ..... જાણ તથા અમલ માટે.

નકલ રવાના :- તમામ આસી. એકાઉન્ટન્ટશ્રી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ..... જાણ તથા અમલ માટે.

ખૂબજ અગત્યનું

સમયમર્યાદા

વિષય–નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના ઈન્કમટેક્ષ, ડેકલેરેશન PROPOSED ફોર્મ ભરી પે-રોલ પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી કરવા બાબત.

પરિપત્ર

સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન તથા ખાતાઓ/વિભાગના વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને જણાવવાનું કે ઈન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ મુજબ Tax Deduction at Source (TDS) U/S 192 હેઠળ પગારમાંથી TDS ની કપાત કરવામાં આવે છે. AT SOURCE TDS ની કપાત કરવા માટે હિસાબીખાતા તરફથી રોકાણ અંગેના ડેકલેરેશન ફોર્મ બહાર પાડવામાં આવેલ છે. http://10.11.1.9 માં EMPLOYEE PAY COMMISION (7TH PAY)માં લોગીન કરી Report માં IT Declaration Report જરૂરિયાત મુજબ દરેક ઝોન અને ખાતાના એસ્ટાબ્લીશમેન્ટ ક્લાર્ક,PDF ફોરમેટમાં જનરેટ કરી તેની પ્રિન્ટ મેળવી તમામ કર્મચારીઓને ફરજિયાત આપવાના રહેશે. PROPOSED ફોર્મમાં નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન ઈન્કમટેક્ષના હેતુ માટે પગાર સિવાય બહારથી જે કાંઈ પણ રોકાણો કરવા માંગતા હશે તેવા રોકાણોની વિગત દર્શાવવી, ખાતાંના વડાશ્રીની સહી કરાવી, તા.૨૦/૦૩/૨૦૨૬ સુધીમાં દરેક ઝોન, ખાતાંના એસ્ટાબ્લીશમેન્ટ ક્લાર્ક તેમના પે-સેન્ટરના કર્મચારીના ફોર્મ ભેગા કરી કર્મચારી નંબર પ્રમાણે ગોઠવણી કરી એક સાથે PAY-ROLL પ્રોગ્રામમાં નીચે જણાવ્યા મુજબના માસમાં ડેટા એન્ટ્રી કરી ફકત CONFIRMATION પે-રોલ પ્રોગ્રામમાં આપવાનું રહેશે. ડેકલેરેશન ફોર્મની PAY-ROLL પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી ન કરવાને કારણે ઈન્કમટેક્ષ અંગેની જે પરિસ્થિતિ ઉદભવે તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે ઝોન/ખાતાના સંબંધિત અધિકારીશ્રીની રહેશે.

તબક્કા	માસ	PAYROLL પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રીની અંતિમ તારીખ
(૧)	માર્ચ-૨૦૨૬	૨૭/૦૩/૨૦૨૬
(૨)	એપ્રિલ-૨૦૨૬	૨૭/૦૪/૨૦૨૬

- જે ખાતા/ઝોનમાં કામગીરી ડે.એકાઉન્ટન્ટ ને સોંપેલ છે. ત્યાં CONFIRMATION ડે.એકાઉન્ટન્ટે આપવાનું રહેશે.
- જે ખાતા/ઝોનમાં ડે.એકાઉન્ટન્ટ નથી ત્યાં CONFIRMATION આસી.એકાઉન્ટન્ટે આપવાનું રહેશે.
- જે ખાતામાં ડે.એકાઉન્ટન્ટ અને આસી.એકાઉન્ટન્ટ ન હોય ત્યાં સેકશન ઓફિસરે CONFIRMATION આપવું.
- જે ખાતામાં ડે.એકાઉન્ટન્ટ,આસી.એકાઉન્ટન્ટ અને સેકશન ઓફિસર ન હોય ત્યાં ખાતાંના અધિકારીએ CONFIRMATION આપવું.

વધુમાં બીજા તબકકા દરમિયાન PROPOSED ઈન્વેસ્ટમેન્ટની ડેટા એન્ટ્રી પ્રોગ્રામમાં કરી હોય કે ના કરી હોય તો તેવા કિસ્સામાં પણ CONFIRMATION આપવાનું રહેશે.

૧) જે અધિકારીશ્રી/કર્મચારીઓના PAN આધારકાર્ડ સાથે લિંક હશે નહિ તેવા તમામ કર્મચારીઓના પગારમાંથી ૨૦% ના ઉંચા દરે અથવા નિયત કરાયેલા સામાન્ય દરે બે માંથી જે વધુ હશે તેને આધારે TDS ની કપાત કરવામાં આવશે.

૨) કલમ 115BACમાં નવી યોજના (વિકલ્પ-B) હવેથી "ડિફોલ્ટ" સ્કીમ ગણવામાં આવશે. એટલે કે કર્મચારીના પગારમાંથી TDS કપાત કરવાના હેતુસર સંબંધિત નાણાંકીય વર્ષ દરમ્યાન કર્મચારીઓએ જુનો વિકલ્પ-A મુજબ TDS કપાત કરાવવા માટે વિકલ્પ-A (જુનો વિકલ્પ) ની પસંદગી કરવાની રહેશે પરંતુ જો કોઈ કર્મચારી બેમાંથી એક પણ વિકલ્પ પસંદ નહી કરે તો કલમ 115BAC હેઠળની નવી યોજના વિકલ્પ-B New Regime મુજબ TDS ની કપાત કરવામાં આવશે.

3) એસ્ટબ્લીશમેન્ટ ક્લાર્કે ડેટા એન્ટ્રી કરતી વખતે નીચે મુજબની વિગત ધ્યાનમાં લેવી.

- જો કર્મચારીઓએ વિકલ્પ-A (જુનો વિકલ્પ) પસંદ કરેલ છે.તેમના PAY ROLL સીસ્ટમમાં વિકલ્પ-A "SAVE" કરી ત્યારબાદ રોકાણની એન્ટ્રી કરવાની રહેશે.
- જો કર્મચારીઓએ વિકલ્પ-B (નવો વિકલ્પ) પસંદ કરેલ છે.તેમના PAY ROLL સીસ્ટમમાં વિકલ્પ-B સીલેકટ કરી "SAVE" ફરજીયાત કરવાનું રહેશે.

૪) નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આવકવેરાની ગણતરી માટે નીચે મુજબના બે વિકલ્પ આપવામાં આવેલ છે.

નોંધ:- કર્મચારીઓ દ્વારા ઉપરોક્ત વિકલ્પ-A અથવા વિકલ્પ-B સ્વીકાર્યા બાદ સંબંધિત નાણાંકીય વર્ષ દરમ્યાન વિકલ્પ બદલી શકશે નહી.

❖ **વિકલ્પ-A (જુનો વિકલ્પ)**

નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માટે જુની યોજના વિકલ્પ-A માં આવકવેરાના દર, કપાતો કરમુક્તિ, સ્ટાન્ડર્ડ ડિડક્શન, તથા રીબેટ યથાવત રાખવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

કપાત- કરમુક્તિના લાભ સાથેની આવકવેરાની જુની યોજના હેઠળ આવકવેરાના દર	
કુલ આવક(રૂ.)	આવકવેરાના દર
૨,૫૦,૦૦૦ સુધી	શૂન્ય
૨,૫૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦	૫%
૫,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦	૨૦%
૧૦,૦૦,૦૦૧ થી વધુ	૩૦%

- નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં વ્યક્તિ, એચ.યુ.એફ, મહિલા કરદાતા માટે આવકવેરાની મુક્તિ મર્યાદા રૂ. ૨.૫૦ લાખ સિનિયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના)માટે રૂ. ૩.૦૦ લાખ, સુપર સિનિયર સિટિઝન (૮૦ વર્ષ થી ઉપરના કરદાતાઓ માટે રૂ. ૫,૦૦,૦૦૦ રહેશે.
- આવકવેરા અને સરચાર્જ ઉપર હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસ નો દર ૪% રહેશે.
- આવકવેરા ઉપર સરચાર્જ રૂ.૫૦ લાખ સુધીની કરપાત્ર આવકમાટે શૂન્ય,
- રૂ. ૫૦.૦૦ લાખથી રૂ. ૧.૦૦ કરોડની કરપાત્ર આવકમાટે ૧૦%,
- રૂ. ૧.૦૦ કરોડથી રૂ. ૨.૦૦ કરોડની કરપાત્ર આવકમાટે ૧૫%
- રૂ. ૨.૦૦ કરોડથી રૂ. ૫.૦૦ કરોડની કરપાત્ર આવકમાટે ૨૫%
- રૂ. ૫.૦૦ કરોડથી વધુની કરપાત્ર આવકમાટે ૩૭% ના દર મુજબ ગણતરી કરવાની રહેશે.

- કલમ ૧૬(ia) મુજબ સ્ટાન્ડર્ડ ડિડક્શન રૂ.૫૦,૦૦૦ મળશે.
- આવકવેરાના કાયદાની કલમ 87A હેઠળ રૂ. ૫,૦૦,૦૦૦ થી ઓછી કરપાત્ર આવક ધરાવતી રહીશ વ્યક્તિના કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરામાંથી ૧૦૦% નો વેરો અથવા ૩,૧૨,૫૦૦, બેમાંથી જે રકમ ઓછી હોય તે આવકવેરા રીબેટ તરીકે મળવાપાત્ર છે.
- CHAPTER-VI-A હેઠળની ઉપલબ્ધ બધી જ કપાતોનો લાભ નિયમોનુસાર બાદ મળશે.
- કલમ ૨૪ મુજબ હાઉસ બિલ્ડીંગ લોન ઈન્ટરેસ્ટ મહત્તમ રૂ. ૨.૦૦ લાખ સુધી બાદ મળશે.

❖ **વિકલ્પ-B (નવો વિકલ્પ)-કલમ 115BAC (New Regime)**

નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કલમ 115BAC ની જોગવાઈઓ હેઠળ નવી યોજનાના (New Regime) આવકવેરાના દર તથા મળવાપાત્ર રીબેટ નીચે મુજબ છે.

કલમ 115BAC ની જોગવાઈઓ હેઠળ નવી યોજનાના યોજના હેઠળ આવકવેરાના દર	
કુલ આવક(રૂ.)	આવકવેરાના દર
૪,૦૦,૦૦૦ સુધી	શૂન્ય
૪,૦૦,૦૦૧ થી ૮,૦૦,૦૦૦	૫%
૮,૦૦,૦૦૧ થી ૧૨,૦૦,૦૦૦	૧૦%
૧૨,૦૦,૦૦૧ થી ૧૬,૦૦,૦૦૦	૧૫%
૧૬,૦૦,૦૦૧ થી ૨૦,૦૦,૦૦૦	૨૦%
૨૦,૦૦,૦૦૧ થી ૨૪,૦૦,૦૦૦	૨૫%
૨૪,૦૦,૦૦૧ થી વધુ	૩૦%

- નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માં વ્યક્તિ, એચ.યુ.એફ, મહિલા કરદાતા, સિનિયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના) સુપર સિનિયર સિટિઝન (૮૦ વર્ષ થી ઉપરના) તમામ કરદાતાઓ માટે આવકવેરાની મુક્તિ મર્યાદા રૂ.૪,૦૦,૦૦૦ રહેશે.
- આવકવેરા અને સરચાર્જ ઉપર હેલ્થ એન્ડ એજ્યુકેશન સેસ નો દર ૪% રહેશે.
- આવકવેરા ઉપર સરચાર્જ રૂ.૫૦ લાખ સુધીની કરપાત્ર આવકમાટે શૂન્ય.
- રૂ. ૫૦.૦૦ લાખથી રૂ. ૧.૦૦ કરોડની કરપાત્ર આવકમાટે ૧૦%.
- રૂ. ૧.૦૦ કરોડથી રૂ. ૨.૦૦ કરોડની કરપાત્ર આવકમાટે ૧૫%.
- રૂ. ૨.૦૦ કરોડથી રૂ. ૫.૦૦ કરોડની કરપાત્ર આવકમાટે ૨૫%.
- રૂ. ૫.૦૦ કરોડથી વધુની કરપાત્ર આવકમાટે ૩૭% ના દર મુજબ ગણતરી કરવાની રહેશે.

- કલમ 115BAC હેઠળની નવી યોજનામાં U/S 16(ia) મુજબ સ્ટાન્ડર્ડ ડિડક્શન રૂ.૭૫,૦૦૦ મળશે.
- આવકવેરાના કાયદાની કલમ 87A હેઠળ રૂ. ૧૨,૦૦,૦૦૦ થી ઓછી કરપાત્ર આવક ધરાવતી રહીશ વ્યક્તિના કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરામાંથી ૧૦૦% નો વેરો અથવા ૩,૬૦,૦૦૦, બેમાંથી જે રકમ ઓછી હોય તે આવકવેરા રીબેટ તરીકે મળવાપાત્ર છે.

- કલમ 115BAC હેઠળની નવી યોજનામાં કરાયેલ રાહતકારક સુધારા હેઠળ Marginal Releif આપવાની વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે જે અનુસાર કલમ 87A મુજબ રીબેટ મેળવવાને પાત્ર એવા કરદાતાના કેસમાં આવકવેરા રીબેટના સંદર્ભમાં નિયત કરાયેલ રૂ.૧૨ લાખની નિયત આવક મર્યાદાથી કરદાતાની કરપાત્ર આવક જેટલી વધતી હોય, તેટલી રકમની મર્યાદામાં ભરવાપાત્ર આવકવેરાને સીમિત રાખવામાં આવશે.
- 115BAC હેઠળની નવી યોજના વિકલ્પ-B (New Regime) માં નીચે મુજબની રાહત/કપાતો બાદ મળી શકશે નહીં.
  - CHAPTER-VI-A હેઠળની કલમ 80 મુજબની કપાતોનો લાભ જેમ કે કલમ 80C હેઠળ નિયત રોકાણો કે ખર્ચ,
  - કલમ 80D હેઠળ મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમની ચૂકવણી કે તબીબી સારવાર ખર્ચ,
  - કલમ 80DD કે 80DDB હેઠળ શારીરિક કે માનસિક રીતે અશક્ત કે ગંભીર રોગ કે બીમારીથી પિડિત કરદાતા કે તેના આશ્રિતોની સારવાર સંબંધી ખર્ચ.
  - કલમ 80U હેઠળ દિવ્યાંગોને મળતી કપાત.
  - પગારદાર કરદાતાના કેસમાં U/S 10(5) હેઠળ LTC મુસાફરી ખર્ચ,
  - નોકરીને સ્પર્શતા નિર્દિષ્ટ ભથ્થાને લગતી કરમુક્તિઓ તેમજ કલમ 16(iii) હેઠળ પ્રોફેશનલ ટેક્ષ.
  - કલમ ૨૪(b)મુજબ હાઉસ બિલ્ડીંગ લોન વ્યાજ (સેલ્ફ ઓક્યુપાઈડ પ્રોપર્ટી કે વેકન્ટ પ્રોપર્ટી)
  - કલમ10(14) મુજબ WASHING ALLOWANCE, UNIFORM ALLOWANCE
- વિકલ્પ-A તથા વિકલ્પ-B બંનેમાં નીચે મુજબની કરમુક્ત રાહતો મળી શકશે.
  - કર્મચારી પોતે હેન્ડીકેપ હોય તેવા કિસ્સામાં ટ્રાન્સપોર્ટ એલાઉન્સ પ્રતિ માસિક રૂ.૩૨૦૦ લેખે મળી શકશે.
  - પગારદારની નિવૃત્તિ સમયે મળતી નિયત નિયમોને આધીન ગ્રેજ્યુઈટી, પ્રોવિડંડ ફંડ કે લીવ એનકેશમેન્ટની મળતી કરમુક્ત રકમો કરમુક્તિના પ્રવર્તમાન લાભ મળી શકશે.
  - કલમ10(14) મુજબ CONV.ALLOWANCE મેળવતા તમામ કર્મચારીઓને મળી શકશે.
  - CBDT NOTIFICATION NO.31/2023/F.NO.200/0/2023-ITA-I મુજબ Leave Encashment ની મુક્તિ-મર્યાદાને રૂ.૨૫ લાખ સુધી કરમુક્ત કરવામાં આવી છે.

૫) જે અધિકારી/ કર્મચારીઓ આખા વર્ષ દરમિયાન જેટલુ રોકાણ ખરેખર કરવા માંગતા હોય, તેટલુ જ રોકાણ પ્રપોઝ ફોર્મમાં ભરવાનું રહેશે. જેથી દરમાસે ટીડીએસ Pro-rata પ્રમાણે કપાય, પરંતુ પ્રપોઝ રોકાણ પ્રમાણે રોકાણ ન કરવામાં આવે અને Pro-rata પ્રમાણે IT TDS ન કપાય તો IT SECTION 201(1A) પ્રમાણે જે વ્યાજ ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને ચૂકવવાપાત્ર થાય તે કર્મચારીના પગારમાંથી કપાત કરવામાં આવશે. જેથી કર્મચારીના ઈન્કમટેક્ષ વિ. બાબતે જે કાંઈ જવાબદારી ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત કર્મચારીની રહેશે.

૬) નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સ્વૈચ્છિનિવૃત્તિ/રાજીનામુ વિ. આપી છૂટા થતા કર્મચારીઓના કિસ્સામાં ઈન્કમટેક્ષ બાબતે હિસાબી ખાતાનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭) ચાલુ નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૫-૨૬ માટે ઈન્કમટેક્ષ એકટ મુજબ જે રેટ તેમજ કપાતો/કરમુક્તિના લાભો છે તે જ ૨૦૨૬-૨૭ના નાણાંકીય વર્ષ માટે લાગુ પડશે. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા પાછળથી તેમાં જે કાંઈ ફેરફારો કરવામાં આવશે ત્યારે તે મુજબ અમલીકરણ કરવામાં આવશે.

૮) ડેકલેરેશન ફોર્મમાં દર્શાવેલ સંભવિત ગ્રોસ પગાર ફેબ્રુઆરી-૨૦૨૬ પેઈડ ઈન માર્ચ-૨૦૨૬ ના પગારને ધ્યાનમાં લઈ દર્શાવેલ છે તે જ પ્રમાણે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં જે અધિકારી/કર્મચારીઓનો ગ્રોસ પગાર રૂ.૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ થાય છે તેઓના ડેકલેરેશન ફોર્મ તૈયાર કરવામાં આવેલ છે. તેમાં વર્ષ દરમિયાન મળવાપાત્ર ઈન્ક્રીમેન્ટ, એરીયર્સ કે એવી બીજી કોઈ લહેણી રકમ ગણતરી કરવામાં આવેલ નથી. તેથી આવી મળવાપાત્ર વધારાની રકમ ધ્યાનમાં લઈ લાગત અધિકારી/કર્મચારીએ ગણતરી કરવાની રહેશે. ડેકલેરેશન ફોર્મ ભર્યા બાદ તેમાં કોઈ ફેરફાર કરવા દેવામાં આવશે નહી. નાણાંકીય વર્ષ દરમિયાન જો કોઈ વધારાની આવકને કારણે જે કર્મચારીનો પગાર ટેક્ષને પાત્ર થશે તો તેવા કર્મચારીઓએ રોકાણ અંગેની માહિતિ ગુજરાતીમાં છાપેલ ઈનપૂટ ફોર્મમાં દર્શાવવાની રહેશે.

૯) ડેકલેરેશન ફોર્મમાં દર્શાવેલ PROPOSED ઈનવેસ્ટમેન્ટ પૈકી વર્ષ દરમિયાન ખરેખર કરેલ રોકાણ અંગેના પૂરાવા હવે જે તે માસમાં ન મોકલતા ૨૨-૦૧-૨૦૨૭/૨૨-૦૨-૨૦૨૭ ના રોજ એક સાથે ઝોન/ખાતામાં ભેગા કરવાના રહેશે. ત્યારબાદ આવા PROPOSED ઈનવેસ્ટમેન્ટને ધ્યાનમાં લેવામાં આવશે નહિ અને બાકીના માસમાં ભરવાપાત્ર થતો ઈન્કમટેક્ષ પૂરેપૂરો વસુલ લેવામાં આવશે. ત્યારબાદ આવા પાછળથી કરેલ રોકાણો માટે લાગત કર્મચારીઓએ વ્યકતિગત રીટર્ન ફાઈલ કરી રીફંડ ક્લેઈમ કરવાનો રહેશે.

૧૦) ડેકલેરેશન ફોર્મ સાથે કોઈ પણ પ્રકારના રોકાણના પૂરાવા કે પત્રક રજૂ કરવાના નહી.

૧૧) અન્ય નાણાકીય સંસ્થામાંથી હાઉસ બિલ્ડીંગ લોન મેળવેલ હોય અને તે લોનની કપાત પગારમાંથી થતી હોય/ ન થતી હોય તો પણ તેવા કિસ્સામાં લોનના હપ્તા તેમજ તેનું વ્યાજ બાદ મેળવવા માટેની માહિતી ફોર્મમાં દર્શાવવાની રહેશે. વધુમાં લોન મંજુર થયાની તારીખ અવશ્ય દર્શાવવાની રહેશે.

૧૨) પગારમાંથી થતી વિવિધ કપાતો જેવી કે પી.એફ., વી.પી.એફ., એન.ડી.સી.પી.એસ.,એલ.આઈ.સી. પ્રિમીયમ,જી.એસ.એલ.આઈ.એસ. વિગેરેની માહિતી **PROPOSED** ફોર્મમાં દર્શાવવી નહી. તેમજ કોઈ પણ કિલ્કમાં પૈસામાં એન્ટ્રી કરવી નહી.

૧૩) **U/S 80CCCD(1B) TIER-1** માં પગાર સિવાય કરેલ બહારથી રોકાણ મહત્તમ રૂ.૫૦,૦૦૦/- સુધી બાદ મળશે. જેની ડેટા એન્ટ્રી ગ્રુપ ૧ માં સબગ્રુપ ૧૦ માં કરવાની રહેશે.

૧૪) વધુમાં જે અધિકારી/કર્મચારીના ડેકલેરેશન ફોર્મ તૈયાર કરવામાં આવેલ છે તે દરેક અધિકારી/કર્મચારીઓએ સંપૂર્ણ વિગત ભરી નિયત સમય મર્યાદામાં **PAY-ROLL** પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી કરી **CONFIRMATION** પે-રોલ પ્રોગ્રામમાં કરવાની રહેશે. તેમજ જે અધિકારી/કર્મચારી વિકલ્પ-A સિલેક્ટ કરેલ છે અને જો "પ્રપોઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ" કરવા માંગતા ન હોય તો તેઓએ "નીલ" માહિતી સહીત આ ફોર્મ જે તે ઝોન/ખાતાનાં એસ્ટાબ્લીશમેન્ટ ક્લાર્કને અચૂક રજુ કરવાનું રહેશે.

૧૫) જે અધિકારી/કર્મચારી તા.૦૧-૦૩-૨૦૨૬ થી ૩૧-૧૨-૨૦૨૬ સુધીમાં વયનિવૃત્તિને કારણે નિવૃત્ત થનાર હોય તેવા કર્મચારીઓના પ્રપોઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફોર્મ ફકત **Tax calculation** માટે ઈસ્યુ કરવામાં આવેલ છે. જે ભરીને મોકલવાના નથી.જેમાં

(૧) પગારમાંથી થતી વિવિધ કપાત જેવી કે PF/VPF/NDCPS/GSLIS/LIC ઈનવેસ્ટમેન્ટ તરીકે ગણતરીમાં લેવાશે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૬ સુધીમાં વયનિવૃત્ત થવાને કારણે નિવૃત્ત થતા અધિકારી/કર્મચારી અગાઉ માસમાં કરેલ પગાર સિવાય બહારથી ખરેખર રોકાણની માહિતી તે પછીના દર માસની ૧લી તારીખે એકાઉન્ટ વિભાગમાં નિયત નમુનામાં મોકલી આપવાની રહેશે.

૧૬) જે કર્મચારીનો ઈન્કમટેક્ષ પરમેનન્ટ એકા.નંબર **(PAN)** ન હોય તેમણે તત્કાલ પાનકાર્ડ કઢાવી તેની ઝેરોક્ષ કોપી હિસાબીખાતામાં રજુ કરવાની રહેશે.

૧૭) જો કોઈ કર્મચારીને કોઈ પણ એરીયર્સ સંદર્ભે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કલમ **87A** મુજબ રીબેટ મેળવવાને પાત્ર થતા ન હોય, તેવા કિસ્સામાં વિકલ્પ-બી માટે આવકવેરાના દર માળખાને લક્ષમાં રાખતા રૂ.૧૨.૦૦ લાખની સામાન્ય કરપાત્ર આવક ઉપર ભરવાપાત્ર આવકવેરો રૂ.૬૦૦૦૦ તથા સેસ અથવા મળવાપાત્ર માર્જીનલ રીલીફના નિયમોનુસારનો ટેક્ષ એની સાથે પગારમાંથી વસૂલ કરવામાં આવશે અને જે તે મહિનામાં કર્મચારીના પગારમાંથી વસૂલ કરી શકાય તેમ ન હોય તો બાકી ટેક્ષની રકમ કર્મચારીએ ખાતાં/ઝોન મારફત ટ્રેન-૧ માં રોકડે/ચેકથી હિસાબી ખાતામાં જમા કરાવવાનો રહેશે.

આ પરિપત્રની જાણ દરેક અધિકારી/કર્મચારીના ધ્યાન પર લાવવી અને તે બદલ સહી મેળવવા વિનંતી છે.

નં એકા/સી.આઈ.આર/-૨૬

તા: ૦૫/૦૩/૨૦૨૬

ડે.મ્યુ.કમિશ્નર

સુરત મહાનગરપાલિકા

નકલ સાદર રજુ: મે.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ....જાણ માટે.

નકલ સરવાના : તમામ વિભાગીય વડાશ્રીઓ, ઝોનલચીફશ્રી, મ્યુ.ચીફઓડિટરશ્રી, સેક્રેટરીશ્રી, ડીનશ્રી (સ્મીમેર) પ્રતિ....જાણ માટે

નકલ રવાના : તમામ ખાતાના વડાશ્રીઓ અને એકઝીક્યુટીવ એન્જિશ્રી પ્રતિ....જાણ માટે.

નકલ રવાના : તમામ ડેપ્યુટી એકાઉન્ટન્ટશ્રી અને પર્સોનલ ઓફિસરશ્રી પ્રતિ...જાણ તથા અમલ માટે.

નકલ રવાના : તમામ આસી. એકાઉન્ટન્ટશ્રી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ... જાણ તથા અમલ માટે.

વિષયઃ– રનીંગ બીલની ચુકવણી દરમ્યાન લેવામાં આવતી મંજુરી માટેનો નિયત નમુનો નક્કી કરવા બાબત.

–: પરીપત્ર :–

સુરત મહાગરપાલિકાના ચાલતા કામોના રનીંગ બીલની ચુકવણીની પ્રક્રિયા દરમ્યાન સબંધિત ઝોન/ ખાતાના દ્વારા લેવામાં આવતી મંજુરી અલગ–અલગ ફોર્મેટમાં તૈયાર કરી બીલ સાથે રજુ કરવામાં આવે છે. તમામ ઝોન/ખાતાના ચુકવણી અર્થેના મંજુરીના ફોર્મેટ અલગ–અલગ હોવાને કારણે ચકાસણીમાં તેમજ સરકારશ્રીના નિયમોનુસાર વસુલ કરવા પાત્ર ટેક્ષની રકમ તથા અન્ય કપાતની રકમમાં પણ એકસુત્રતા જળવાતી નથી.

આમ, વિવિધ બીલોની ચુકવણી અર્થે હિસાબી વિભાગમાં રજુ કરવામાં આવતી મંજુરીનું ફોર્મેટ આ સાથે સામેલ નમુના મુજબ તૈયાર કરી સબંધિત કર્મચારી/અધિકારીની સહી કરાવી રજુ કરવાની રહેશે.

ACT/SR/OUT :- 24
DATE :- 24/03/2026

ડે.મ્યુનિ.કમિશ્નર(ડી.)
સુરત મહાનગરપાલિકા

બિડાણઃ– મંજુરીનો નમુનો.

ન.સ.ર. :– તમામ વિભાગીય વડા અધિકારીશ્રીઓ, મુખ્ય અન્વેષકશ્રી, ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રી, ડીનશ્રી (સ્મીમેર), ઈ.ચા.મેડીકલ સુપ્રિ.શ્રી (સ્મીમેર) અને ઝોનલ ચીફશ્રીઓ પ્રતિ.....જાણ તથા તાકીદે અમલ કરાવવા માટે.

ન.ર. :– તમામ આસી.કમિશ્નરશ્રીઓ/ એકઝીકયુટીવ એન્જીનિયર્સશ્રીઓ પ્રતિ...જાણ તથા તાકીદે અમલ કરાવવા માટે.

ન. ર. :– તમામ ખાતાના વડાશ્રીઓ પ્રતિ.....જાણ તથા તાકીદે અમલ માટે.

RA Bill No. : .....

SURAT MUNICIPAL CORPORATION
Name of Zone/Department

SUBMITTED

1 Name of Work:

2 Agency By Which Work Is Executed :

3 Sanctioning Details : Std.Comm.R.No.

4 Tender Amount :

5 Work Order Details :

Details of Initial SD Submitted:

6 Date of Measurment:

7 RA Bill No. :

8	TOTAL AMOUNT OF WORK DONE TILL DATE	Rs.	—
9	RUNNING BILL PAID SO FAR:- (RA-01 TO RA.....)		AMOUNT Rs.
		Rs.	—
	TOTAL	Rs.	—
10	RECOVERY OF MOBILIZATION ADVANCE IN THIS BILL (if any) :-	Rs.	—
11	Amount Payble to Contractor	Rs.	—
12	Gross / Proposed Amount for Payment	Rs.	—
13	Deductions ..... Security Deposit :-	Rs.	—
	Retention money :-	Rs.	—
	Income Tax TDS of Taxable Value :-	Rs.	—
	Construction cess of Taxable Value :-	Rs.	—
	TDS On CGST :-	Rs.	—
	TDS On SGST :-	Rs.	—
	GST Deposit of This Bill :-	Rs.	
	Store Recovery (if any) :-	Rs.	—
	Penalty (if any) :-	Rs.	—
	Other Deduction (if any) :-	Rs.	—
	:-	Rs.	—
	:-	Rs.	—
	:-	Rs.	—
	:-	Rs.	—
	:-	Rs.	—
	Rounding :-	Rs.	—
13	NET AMOUNT PAYABLE TO CONTRACTOR (Cheque Amount)	Rs.	—
14	Part - rate calculated in propotion of the work ?		—

Sanciton may please be accorded to prepare RA Bill No.....Running bill amounting to Rs.....(Rs in Words.....) payable to above party.

The expenditure will be debited to BCNT....., GLAC....., Project Code.....

Sanctioned Accordingly for Rs. ..... (Rs. In words.....) Payable to above Part and Sanctioned May Please to relesed Holded GST as per Circuler No Account/SR/GST OUT. 03 Dt. 30.09.2023 to said Party."

Remarks (if any) :-

તાકીદનું
સમય–મર્યાદા

પરિપત્ર

તમામ ખાતાધિકારીશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી અને તમામ આસી.કમિશનરશ્રીઓને **તા.૩૧–૦૩–૨૦૨૬** ના રોજના ભરણાં જમા કરાવવા અંગે નીચે મુજબની કાર્યવાહી કરાવવાની રહેશે.

અ. તા.૩૧–૦૩–૨૦૨૬ના રોજ હેડકવાર્ટસના ભરણાં સ્વીકારવાની કામગીરી હિસાબી ખાતામાં સાંજે ૬:૧૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવશે. તા.૩૧–૦૩–૨૦૨૬ ના રોજ બાકી રહેલ ભરણાં તા.૦૧–૦૪–૨૦૨૬ ના રોજ ૧૦:૩૦ કલાકે સ્વીકારવામાં આવશે.

બ. (૧) તા.૩૧–૦૩–૨૦૨૬ ના રોજનાં સીધાવેરા તથા જનરલ ભરણાની જે આવક થયેલ હોય તે ઝોનની સ્ટ્રોંગ રૂમની તિજોરીમાં નિયમ મુજબ સીલ કરી રાખવાની રહેશે અને એકાઉન્ટ ખાતામાં ફકત સીધાવેરા તથા જનરલ ભરણાનાં કેશ રિસીપ્ટ વાઉચર અલગ–અલગ બનાવી તા.૦૧–૦૪–૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જમા કરાવવાનાં રહેશે. તમામ વાઉચરો પર કેશ તથા ચેક ઝોનની સ્ટ્રોંગ રૂમની તિજોરીમાં નિયમ મુજબ સીલ કરી રાખવામાં આવેલ છે તે મુજબ લાલ સહીથી રીમાર્કસ લખવાની રહેશે.

(૨) નીચે જણાવ્યા મુજબનાં નમુનામાં પત્રક તૈયાર કરી રજુ કરવાનું રહેશે.

ઝોનનું નામઃ–

અ.નં.	વિગત	કેશ	ચેક	ડિજીટલ	કુલ
૧	સીધાવેરા				
૨	અન્ય				
૩	ડિપોઝીટ				
૪	પ્રો.ટેક્ષ				
	કુલ				
હેડ કેશીયર		ડે.એકાઉન્ટન્ટ		આસી. કમિશ્નર	

(૩) **તા.૦૧–૦૪–૨૦૨૬ ના રોજ દરેક ઝોને તા.૩૧–૦૩–૨૦૨૬ ના રોજનાં ભરણાની આવક તેમનાં ઝોનની સંબંધિત બેંકનાં ઓપરેટીવ / નોન ઓપરેટીવ ખાતામાં, કેશ / ચેક જમા કરાવવાનાં રહેશે અને તે જમા કરાવ્યાની સ્લીપની ભરી નકલ આ સાથે નીચે જણાવ્યા મુજબનાં નમૂનામાં વાઉચર ભરી તથા સહી સિક્કા કરી તેની સાથે સામેલ કરવાની રહેશે.તા. ૦૧–૦૪–૨૦૨૬ નાં રોજ " ICICI BANK " રાખેતા મુજબ ભરણું લેવા આવશે.**

૧. કેશ પેમેન્ટ વાઉચર (ફકત કેશ જમા કરાવી તેના માટે–ઈન્ટર કેશ–એકાઉન્ટ કોડ ૯૦૦૧)
૨. કેશ પેમેન્ટ વાઉચર (ફકત ચેક જમા કરાવ્યા તેના માટે–ઈન્ટર બેંક–એકાઉન્ટ કોડ ૯૦૦૧)
૩. બેંક રીસીપ્ટ વાઉચર (ફકત કેશ જમા કરાવી તેના માટે ઓપરેટીવ બેંક એકાઉન્ટ)
૪. બેંક રીસીપ્ટ વાઉચર (ફકત ચેક જમા કરાવી તેના માટે નોન ઓપરેટીવ બેંક એકાઉન્ટ)

ક. સીધાવેરાની આવક સિવાયની અન્ય આવકના ભરણાં પણ દરેક ખાતાએ સમયસર મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાનાં રહેશે.
ડ. ઝોન/ખાતાના પર્સનલ એડવાન્સના તા.૩૧–૦૩–૨૦૨૬ ની મંજુર પૂરેપૂરી રકમના સક્ષમ સત્તાની સહીથી પ્રમાણપત્રો પણ તા.૦૬–૦૪–૨૦૨૬ સુધીમાં મોકલી આપવાનાં રહેશે.
ઈ. તમામ ઝોન/ખાતાએ **તા.૦૧–૦૪–૨૦૨૬**નાં રોજ બનાવેલ દરેક રસીદનાં ભરણા તા.૦૨/૦૪/૨૦૨૬ નાં રોજ રાખેતા મુજબ કરવાનાં રહશે.

ઉપરોકત મુજબની સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નં.એકા./સીઆઈઆર/૨૮
તા.૨૭ /૦૩/૨૦૨૬

મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

ન.સા.૨. :– (૦૧) ડે. કમિશનરશ્રી પ્રતિ...જાણ.
ન.સા.૨. :– (૦૨) તમામ આસી. કમિશનરશ્રી પ્રતિ...જાણ તથા અમલ કરાવવા માટે વિનંતી.
ન.સા.૨. :– (૦૧) તમામ ખાતાધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ... જાણ તથા અમલ કરાવવા માટે.
ન.૨. :– (૦૧) તમામ ડે.એકાઉન્ટન્ટશ્રી પ્રતિ...જાણ તથા ચુસ્તપણે અમલ કરવા માટે.
(૦૨) તમામ એ.આર.ઓ.શ્રી (તમામ ઝોન અને સેન્ટ્રલ સેલ) પ્રતિ...જાણ તથા ચુસ્તપણે અમલ કરવા માટે.
(૦૩) તમામ આસી. એકાઉન્ટન્ટશ્રી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ...જાણ તથા ચુસ્તપણે અમલ કરવા માટે.

વિષય :– ટી.ડી.એસ અને ટી.સી.એસની કલમ (Section)ના નામ તથા દરમાં ફેરફાર થવા બાબત.

સંદર્ભ :–(૧) કેન્દ્ર સરકારના નાણા મંત્રાલયના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેકટ ટેક્ષ વિભાગ દ્વારા તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ જાહેર કરેલ નોટીફિકેશન.

(૨) સુરત મહાનગરપાલિકાના ઈન્કમટેક્ષના કન્સલટન્ટશ્રી નટવરલાલ વેપારી એન્ડ કંપની તરફથી તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ મળેલ ઈ–મેલ.

પરિપત્ર

ભારત સરકારે તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ નોટીફિકેશન બહાર પાડેલ છે. જેમાં આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ (Income Tax Act-2025) હેઠળ ફાઈનાન્સ બિલ, ૨૦૨૬ (Finance Bill-2026) અને આવકવેરા નિયમો, ૨૦૨૬ (Income Tax Rules-2026)માં ઘણા સુધારાઓ કરવામાં આવેલ છે. જેનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૬ થી કરવાનું સુચવેલ છે. જેનો અમલ સુરત મહાનગરપાલિકા દ્વારા પણ કરવાનો થાય છે. જેના અનુસંધાને હાલ સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન/ખાતા દ્વારા પાર્ટી પેમેન્ટના બીલોમાંથી અલગ અલગ પ્રકારની કામગીરીના આધારે ટી.ડી.એસની કપાત થાય છે તથા જુદા જુદા ઝોન/ખાતા દ્વારા ભંગારના વેચાણ ઉપર અને પાર્કિંગ પ્લોટની લાઈસન્સ ફી પર ટી.સી.એસની વસુલાત કરવામાં આવે છે. જે અંગે તા.૦૧/૦૪/૨૦૨૬ થી ટી.ડી.એસ/ટી.સી.એસની કલમ (Section)ના નામોમાં નીચે મુજબ ફેરફાર થયેલ છે.તા.૦૧/૦૪/૨૦૨૬ થી કોઈ પણ બીલ બનાવતી વખતે TDS Detailsમાં Nature of Pay માં નવા નામ મુજબની કલમ(SECTION)દેખાશે. જે ધ્યાનેલઈ ટી.ડી.એસ/ટી.સી.એસની કલમ (SECTION)ના નામ મુજબ કપાત/વસુલાત કરવાની રહેશે.

TDS Section

Section of Income Tax Act, 1961 (Old Name)	Section of Income Tax Act,2025 (New Name)	Nature of Income	Rate
194C-Payment to Contractor	Serial No. 6(i) of Table u/s 393(1)- Payment to Contractor	Any Sum for carrying out any work (including supply of labour for carrying out any work) in pursuance of a contract. As per Sec 402(10) contract" shall include sub-contract.	1% if contractor is individual or HUF 2% if contractor is a person other than the individual or HUF
194J(b)- Professional Fess	Serial No. 6(iii) of Table u/s 393(1)- Professional Fess	Fees for professional services.	10%
194J(a)-Technical Fess	Serial No. 6(iii) of Table u/s 393(1)- Technical Fess	Fees for Technical Services	2%

194I(a)-Rent on Plant & Machinery or Equipment	Serial No. 2(ii) of Table u/s 393(1)- Rent on Plant & Machinery or Equipment	Rent on Plant & Machinery or Equipment	(a)2% for machinery or plant or equipment.
194I(b)-Rent on Land and Building Furniture	Serial No. 2(ii) of Table u/s 393(1)- Rent on Land and Building Furniture	Rent on Land and Building Furniture	(b) 10% for land or building (including factory building) or land appurtenant to building (including factory building) or furniture or fittings.
194Q- Purchase of Goods	Serial No. 8(ii) of Table u/s 393(1)- Purchase of Goods	Any sum exceeding fifty lakh rupees for Purchase of any goods.	0.1%
194LA-Compulsory acquisition(Land/Building)	Serial No. 3(iii) of Table u/s 393(1)- Compulsory acquisition(Land/Building)	(iii) Any sum, being in the nature of— (a) compensation or the enhanced compensation; or (b) Consideration or the enhanced consideration, on account of compulsory acquisition, under any law for the time being in force, of any immovable property (other than agricultural land).	10%
194A-Interest other than interest on securities	Serial No. 3(iii) of Table u/s 393(1)- Interest other than interest on securities	Interest being interest other than interest on Securities.	10%
193 – Interest on Securities	Serial No. 5(i) of Table u/s 393(1)- Interest on Securities	Interest on securities	10%
194H- Commission or Brokerage	Serial No. 1(ii) of Table u/s 393(1)- Commission or Brokerage	Commission or brokerage (other than Insurance Commission)	2%
194IA-Transfer of immov Property other than agri. land	Serial No. 3(i) of Table u/s 393(1) - Transfer of immov. Property other than agri. land	(i) Payment on transfer of certain immovable property other than agricultural land	1% of (*a*) consideration for transfer of the immovable property, or (*b*) stamp duty value of such property, Whichever is higher?

TCS SECTION			
206CE- Scrap sales	Serial No. 4 of Table u/s 394(1)- Scrap sales	Scrap sales – Seller	According to Finance Bill, 2026 - 2%
206CF- Parking Lot	Serial No. 9 of Table u/s 394(1)- Parking Lot	Use of parking lot	2%

વધુમાં, સદર ફાઈનાન્સ બિલ, ૨૦૨૬ (Finance Bill-2026) અને આવકવેરા નિયમો, ૨૦૨૬ (Income Tax Rules-2026) માં સુરત મહાનગરપાલિકાને થતી ભંગારની આવક (Scrap sales) પર વસુલવામાં આવતો TCS ના દર માં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવેલ છે. જેનો અમલ ઝોન/ વિભાગે તા.૦૧/૦૪/૨૦૨૬ થી કરવાનો રહેશે.

Old TCS Scrap Sales Rate	New TCS Scrap Sales Rate
1 %	2 %

નં./એકા/એસ.આર./૨૮-
તા.૩૦/૦૩/૨૦૨૬

ઈ.ચા.મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા
૩૦/૦૩/૨૬

ન.સા.૨ : એ.કમિશ્નરશ્રી પ્રતિ.... જાણ માટે.
ન.સા.૨ : તમામ વિભાગીય વડાશ્રીઓ / મુખ્ય અન્વેષકશ્રી / ઈ.ચા.મ્યુની સેક્રેટરીશ્રી /ડીનશ્રી પ્રતિ .... જાણ માટે.
ન.સા.૨ : તમામ કાર્યપાલક ઈજનેરશ્રી અને ખાતાધિકારીશ્રી પ્રતિ .... જાણ તથા અમલ કરાવવા માટે.
ન.સા.૨ : ઈ.ચા.સિનિ.ડે.એકાઉન્ટન્ટશ્રી(ટ્રેઝરી), તમામ ડે.એકાઉન્ટન્ટશ્રી પ્રતિ.... જાણ તથા અમલ કરવા માટે.
ન.૨ : તમામ આસી.એકાઉન્ટન્ટશ્રી/ સેક્શન ઓફીસરશ્રી પ્રતિ.... જાણ તથા અમલ કરવા માટે.

ZHL:8Z GDG%v !

DFlCTLG% V1WSFZ V1W1G I D C9 / ; ZT DCFGUZ ; JF ; NG HFCZ ; tTF1WSFZL C9 / GF **DASHANG KETANKUMAR SHAH (P.I.O./A.P.I.O.)** G D / , DFlCTL D / J JF VUGL VZHLV%TYF TGF 5Z
Y I , SF I JFCLGL JUT%NXFJT ZHL:8Z

s ! f ; AlWT PIO G%CN%TYF SRZL0 DEPUTY ACCOUNTANT (Accounts Department)

sZf PIO H HFCZ ; tTFD0 / C9 / K T ; tTFD0 / G GFD 0 ; ZT d I lG ; 5 , S%5%ZXG

S D	VZHNFZG GFDq ; ZGFD VG VZHLGL TFZLB	VZHL D?IFGL TFZLB	VZHNFZ ALP5LPV , K S SDm	DFU , DFlCTLGL lJUT s8SDFf	H% VZHL VYJF T G% S% >E FU Vg I G TAN L , SZF I , C% I T%4 ; A1WT HFC Z ; tTF D 0 / GL 1J UT VG TAN L , S I F GL TFZLBs ; 5 6 S V XT0 T : 5Q8 NXFJ J f	D / , OL s~FPf	SF I NFYL GSSL S Z , L DNT DHA DFlCTL VF5 JF q GSFZJFGL K< , L TFZLB	VZHNFZ DFU , DFlCTL						ZLDFS ; s PIO GF lG6 I ; FD YI , L 5YDqALHL V5L , GL lJUTF 56 VCL VRS NXFJ JLf
								H% CF4 T%				H% DFlCTL VF5 , GF		
								DFlCTL VF% I FGL TFZLB	5Z5ZL VF5L Km CF q GF	V XTo VF5L Km CF q GF	J ; , SZJFDF VFJ , GS , RFHL ; GL ZSD s~FPf R/D/P. No	DFlCTL GSF I FGL TFZLB	SF I NFGL S . S , DGF VFWFZ GSFZF I , Km S , Dv (s ! fs f YL (s ! fs9f4 4 ! ! 4Z$4 VgI	
s ! f	sZf	s#f	s$f	s5f	s&f	s*f	s (f	s) f	s ! _ f	s ! ! f	s ! Zf	s ! #f	s ! $f	s ! 5f
1	5ZL1FLTEF . ALP ZF9%0 14/06/2025	20/06/2025	GF	VF . POLPGP Z) $; ZT XCZDF J ; JF8 SZTF 5KFT JU%GF ZC9F6% AFATP	; PDP5FP G 01/07/2025		20/07/2025		GF	GF				TDFD h%G TYF ; AlWT BFTFDF DNF GPZ AFAT VFlXS TANL ,
				VF . POLPGP Z) $; ZT XCZDF J ; JF8 SZTF 5KFT JU%GF ZC9F6% AFATP	; PDP5FP G 01/07/2025		20/07/2025		GF	GF				TDFD h%G TYF ; AlWT BFTFDF DNF GPZ AFAT VFlXS TANL ,
				VF . POLP GPZ) $			20/07/2025	06/08/2025	GF	CF	112.00 24/07/2025			112.00 H~ZL DFlCTLGF 5& 5FGFGF ~FPZqv , B ~FP ! ! Zqv HDF SZFJ JF 5+ 5F9J , H VZHNFZ z L wJFZF HDF SZFJ , C%JFYL DFlCTL 5H GUv5& 5F9J JFDF VFJ , KP

ZHL:8Z GDGMv!

DFlCTLGM VlWSFZ VlWlGID C9/ ; ZT DCFGUZ ; JF ; NG HFCZ ; tTFlWSFZL C9/GF **DASHANG KETANKUMAR SHAH (P.I.O./A.P.I.O.)** G D/, DFlCTL D/JJF VUGL VZHLVM¹TYF¹TGF¹5Z YI, ¹SFI JFCLGL¦lJUTM¾NXFJT¦ZHL:8Z

s!f¹; AlWT PIO GM¹CMNM¹TYF¹SRZL¹o DEPUTY ACCOUNTANT (Accounts Department)

sZf PIO H¹HFCZ¹; tTFD0/¹C9/¹K¹T¹; tTFD0/G¹GFD o ; ZT¹dIlGl; 5, ¹SM5MZXG

